આજનો સુવિચાર

જેના વિચારોમાં સત્ય હોય છે તેના ચહેરા ઉપર તેજ હોય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

વર્ષ : ૪૬ અંક : ૨૩૩ જૂનાગઢ તા. ૧૩-૦૯-૨૦૨૨ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

આઝાદીका अमृत महोत्सव

ગુજરાતીઓના અવિરત વિશ્વાસથી ચાલતી વિકાસ યાત્રાને મળશે નવું ઈંધણ

અનેકવિધ વિકાસ કાર્યોનું થશે ખાતમુહૂર્ત અને લોકાર્પણ

વિશ્વાસથી વિકાસ યાત્રા

જન-જનનો વિશ્વાસ, ગુજરાતનો વિકાસ

- 12 કરોડથી વધુ કોરોના રસીના ડોઝ આપીને સમગ્ર દેશમાં ગુજરાતનું ઉદાહરણરૂપ પ્રદર્શન
- 71 લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને આપ્યું અનાજ
- PMJAY-MA દ્વારા આપી આરોગ્ય સુરક્ષા
- વાહન કે મોબાઈલ ચોરીની ઓનલાઇન ફરિયાદ નોંધાવવા e-FIR સેવા શરુ
- ગુજરાતના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ આપ્યું
- કચ્છને 'સ્મૃતિવન' અને 'વીર બાળક સ્મારક'ની ભેટ આપી
- કચ્છ શાખા નહેરનું કામ પૂરું થયું
- 4000 ગામોમાં મફત વાઇ-ફાઇ સેવા

વંચિતોનો વિશ્વાસ, વંચિતોનો વિકાસ

- આદિવાસી વિસ્તારોમાં ઊભા થઈ રહ્યા છે મોબાઇલ ટાવર
- સમરસ છાત્રાલયો દ્વારા શિક્ષણને પ્રોત્સાહન
- 98% ઘરો સુધી પહોંચાડ્યુ નળથી જળ
- 10.50 લાખથી વધુ આવાસોનું નિર્માણ
- એસ્ટોલ પ્રોજેક્ટ દ્વારા 200 માળની ઊંચાઈ સુધી પાણી ચડાવી 4.50 લાખ આદિવાસીઓને પાણી પહોંચાડ્યું

શહેરીજનોનો વિશ્વાસ, શહેરોનો વિકાસ

- મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજનાથી શહેરોના વિકાસને વેગ મળ્યો
- રાજ્યના 6 શહેરો બન્યા સ્માર્ટ સિટી
- બી.આર.ટી.એસ જેવી ટ્રાન્સપોર્ટ સુવિધાઓ અને અધતન બસ સ્ટેન્ડનાં થયા નિર્માણ
- રિવરફ્રન્ટ જેવા રિક્રિએશન સ્થળોનું નિર્માણ કરવામાં આવ્યું

મહિલાઓનો વિશ્વાસ, નારી સમાજનો વિકાસ

- સખીમંડળો દ્વારા મહિલાઓ બની આત્મનિર્ભર
- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાથી લીધી ગર્ભવતી મહિલા અને તેના બાળકની 1 હજાર દિવસની સંભાળ
- પોષણસુધા યોજનાનો વ્યાપ વધાર્યો
- શી-ટીમ અને અભયમ-181 દ્વારા મહિલાઓને આપી સુરક્ષા
- 52% મહિલાઓનું સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ

ખેડૂતોના વિશ્વાસ દ્વારા થયો કૃષિ વિકાસ

- ઈ-ગ્રામ વિશ્વ ગ્રામથી સરકારી સેવાઓ ઓનલાઇન પૂરી પાડી
- રાજ્યમાં ડ્રોન દ્વારા પ્રવાહી યુરિયા ખાતરનો છંટકાવ શરુ
- પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન માટે પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના
- ડાંગ બન્યો 100% પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો
- કલોલ ખાતે દેશનો પહેલો નેનો યુરિયા લિક્વિડ પ્લાન્ટ શરુ કર્યો

યુવાઓનો વિશ્વાસ, યુવા પેઢીનો વિકાસ

- 14 હજારથી વધુ સ્ટાર્ટ-અપ અને સતત ત્રણ વર્ષથી સમગ્ર દેશમાં સ્ટાર્ટ-અપમાં બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ
- 102 જેટલી યુનિવર્સિટીઓ કાર્યરત જેમાં સ્પેશિયલાઇઝડ યુનિવર્સિટીઓનો સમાવેશ
- ખેલ મહાકુંભના આયોજનથી રાજ્યમાં સ્પોર્ટ્સ કલ્ચર ઊભું કર્યું
- લાખો યુવાઓને તાલીમ આપી રોજગારી પૂરી પાડી
- રાજ્યમાં પહેલીવાર રાષ્ટ્રીય રમતોનું આયોજન
- રાજ્યમાં મેડિકલની સીટો 1375થી વધીને 5700 થઈ

સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ

- ગુજરાત સરકાર દ્વારા નવી નીતિઓની જાહેરાત - IT & ITeS, બાયોટેક, સ્પોર્ટ્સ, સેમી કંડક્ટર, ડ્રોન પોલિસી, SSIP 2.0, નવી સિનેમેટિક ટુરિઝમ પોલિસી
- તારંગા હિલથી અંબાજી સુધી નવી રેલવે લાઇનને મંજૂરી
- ગુડ ગવર્નન્સ ઇન ગુજરાત, નીતિ આયોગના ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સમાં ગુજરાત આગળ
- પવન ઉર્જા ક્ષેત્રે 1468.45 મેગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે દેશમાં ગુજરાત પ્રથમ



રાજ્યકક્ષા કાર્યક્રમ

સ્થળ : મહાત્મા મંદિર, ગાંધીનગર
તારીખ : 13 સપ્ટેમ્બર 2022
સમય : સવારે 11:00 કલાકે

જૂનાગઢ જીલ્લાનાં ૯ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ : ૯ ડેમો ઓવરફલો

છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જૂનાગઢ જીલ્લામાં સૌથી વધુ મેંદરડા અને વિસાવદર ખાતે ૪.૫ ઈંચ વરસાદ ખાબકયો

(એસ. આઈ. બુખારી)

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ જીલ્લામાં શરૂ થયેલા વરસાદનાં ચોથા રાઉન્ડમાં સર્વત્ર શ્રીકાર વરસાદ થતાં એકમાત્ર કેશોદ તાલુકાનેબાદ કરતા જીલ્લાનાં તમામ ૯ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. કેશોદમાં પણ હાલમાં વરસાદની ટકાવારી ૯૪ ટકાએ પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જૂનાગઢ શહેર જીલ્લામાં સૌથીવધુ વરસાદ મેંદરડા ખાતે ૧૨૧ મી.મી., (૪.૭૫ઈંચ), વિસાવદર ૧૧૪ મી.મી. (૪.૫ ઈંચ), ભેસાણ ૮૮મી.મી., જૂનાગઢ ૮૨ મી.મી., વંથલી ૬૦ મી.મી., માળીયા હાટીના ૬૪ મી.મી., માણાવદર ૪૭ મી.મી., માંગરોળ ૩૬ મી.મી. અને કેશોદ ખાતે ૧૯ મી.મી. વરસાદ નોંધાયો છે.

જયારે વરસાદ ની ટકાવારી જોઈએ તો જૂનાગઢ જીલ્લામાં સૌથી વધુ વરસાદ માળીયા હાટીના ખાતે ૧૬૦ ટકા, માણાવદર ૧૪૪, વંથલી ૧૨૫ ટકા, વિસાવદર ૧૨૫ ટકા, જૂનાગઢ શહેર ૧૧૮ ટકા, જૂનાગઢ ગ્રામ્ય ૧૧૮ ટકા, મેંદરડા ૧૧૩ ટકા, માંગરોળ ૧૦૫ ટકા, ભેસાણ ૧૦૪ ટકા અને કેશોદમાં ૯૪ ટકા વરસાદ નોંધાયો છે. ચાલુ વર્ષેસમગ્ર જીલ્લાનો સરેરાશ વરસાદ ૧૧૫.૫૮ ટકા અને ૧૧૦૬ મી.મી. નોંધાયો છે. જયારે જીલ્લાની સરેરાશ ૯૫૭મી.મી. છે તેની સામે ચાલુ વર્ષે ૧૧૦૬ મી.મી. વરસાદ નોંધાતા સમગ્ર જીલ્લો રસ તરબોળ થઈ ગયો છે. જૂનાગઢ જીલ્લામાં પડેલા સતત ભારે વરસાદને કારણે મોટાભાગનાં ડેમો ઓવરફલો થઈ ગયાછે જેમાંજૂનાગઢશહેરનીપાણી પુરૂ પાડતા હસનાપુર, આણંદપુર અનેવિલિંગ્ડન ડેમ સતતઓવરફ્લો થઈ રહયા છે. જયારે મધુવંતી, આંબાજળ, ધ્રાફડ, ઝાંઝેશ્રી, ઓઝત-૨, ઓઝત વિયર વંથલી, ઓઝત વિયર શાપુર અને બાંટવા ખારો ડેમઓવરફલો થતાંજીલ્લાનાં ૯ ડેમ છલોછલ ભરાઈ ગયા છે. ગઈકાલે સાંજે જૂનાગઢ શહેરમાં પડેલા ભારે વરસાદને કારણે શહેરનાં ભવનાથ વિસ્તારમાં ગાયો અને એલપીજી સિલિન્ડર તણાયા હતા. ગિરનાર અને દાતાર જંગલ વિસ્તારમાં ૫ થી ૬ ઈંચ ધોધમાર વરસાદ પડયો હતો જેને કારણે ગીરનારજંગલમાંથી નીકળતી નદીઓ સોનરખ, ગુડાજલી, કાળવા નદીમાં ફરી એકવાર ઘોડાપુર આવ્યા હતા. કાળવા નદીમાં ભારે પુર આવતા નરસિંહ મહેતા સરોવર પણ ઓવરફલો થઈ રહયો છે. જયારે સોનરખમાં આવેલા ભારે પુરને કારણે દામોદરકુંડ ઉપર આવેલા પુલ ઉપરથી પાણીનો પ્રવાહ પહોંચી ગયો હતો.

૨૦૨૩માં ૯ રાજયોમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે : ૨૦૨૪ પહેલાની રાજકીય સેમીફાઈલ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૧૩

આગામી વર્ષે એટલે કે ૨૦૨૩માં યોજાનારી ૯ રાજયોની વિધાનસભા ચૂંટણીઓ દ્વારા ૨૦૨૪ની રાજકીય દિશા નક્કીથઈ શકે છે. દેશના વિવિધ ભાગોમાં સ્થિત આ ૯ રાજયોમાં આવતી ૧૧૬ લોકસભા બેઠકો સત્તા સુધી પહોંચવા માટે કોઈપણ ગઠબંધનના મિશન ૨૭૨ પ્લસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. દક્ષિણ ભારતનું કર્ણાટક અને તેલંગાણા હોય કે મધ્ય ભારતનું મધ્યપ્રદેશ અને છત્તીસગઢ, ઉત્તર-પશ્ચિમનું રાજસ્થાન હોય કે પૂર્વોત્તરનું ત્રિપુરા, મેઘાલય, મિઝોરમ અને નાગાલેન્ડ હોય. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ભલે લોકસભા અને વિધાનસભા ચૂંટણીના મુદ્દાઓ અલગ-અલગ હોય, પરંતુ દેશના અલગ-અલગ ભાગોમાં સ્થિત આ રાજયોના પરિણામો ૨૦૨૪ની સેમીફાઈનલથી ઓછા નહીં હોય. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં આ ૯ રાજયોમાં કુલ ૧૧૬માંથી ૯૭ બેઠકો જીતી હતી. ભાજપનાં સહયોગી પક્ષોએ મેઘાલય, મિઝોરમ અને નાગાલેન્ડમાં બેઠકો જીતી હતી. ભાજપ ૨૦૧૯ના આંકડાને યથાવત રાખીને ૨૦૨૪માં કેટલીક સીટો ઉમેરવાનો પ્રયાસ કરી રહી છે.

સૌરાષ્ટ્રમાં સીઝનનો ૧૦૦ ટકા વરસાદ વરસી ગયો

રાજકોટ,તા. ૧૩

સૌરાષ્ટ્ર-ગુજરાતને ચાલુ વર્ષે મેઘરાજાએ ધરવી દીધા છે. રાજયમાં સિઝનનો ૧૦૦ ટકા વરસાદ અગાઉજ થઈ ગયો હતો. હતી જે વર્તમાન રાઉન્ડમાં પૂર્ણ થઈ ગઈ હોય તેમ હવે સૌરાષ્ટ્રમાં પણ સિઝનનો વરસાદ ૧૦૦ ટકાને વટાવી ગયો છે. આજે સવારની સ્થિતિએ સૌરાષ્ટ્રમાં ચાલુ ચોમાસામાં ૧૦૦.૮૪ ટકા પાણી વરસી ગયું છે. હવે માત્ર મધ્ય ગુજરાત ઝોન જ આ લેવલને આંબવામાં બાકી રહ્યો છે.

આજે સવારની સ્થિતિએ સૌરાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં એકમાત્ર જાફરાબાદને બાદ કરતાં તમામેતમામ તાલુકાઓમાં ઝાપટાથી માંડીને ભારે વરસાદ પડયો હતો અને તેને પગલે સૌરાષ્ટ્રમાં ચોમાસાનો કુલ વરસાદ ૧૦૦ ટકાથી અધિક થઈ ગયો છે.

હવે મથુરાની મીના મસ્જીદ પણ ગેરકાયદેસર હોવાનો હિન્દુ મહાસભાએ દાવો કર્યો

મથુરા, તા.૧૩: મથુરામાંશાહી મસ્જિદ ઈદગાહના વિવાદ બાદ વધુ એક નવો મામલો સામે આવ્યો છે. અખિલ ભારત હિન્દુ મહાસભાના રાષ્ટ્રીય ખજાનચી દિનેશ શર્માએ ઠાકુર કેશવદેવની ૧૩.૩૭એકર જમીનમાંશ્રીકૃષ્ણના જન્મસ્થળની નજીક આવેલી બીજી મસ્જીદનું વર્ણન કર્યું છે. કોર્ટમાંદાવો કરવામાં આવ્યો છે કે આ મસ્જીદ ગેરકાયદેસર અતિક્રમણ છે. તાજેતરમાં તેના ઉપર નવું બાંધકામ પણ કરવામાં આવ્યું છે જે ખોટું છે. તેને દૂર કરવા માટે કોર્ટને કહ્યું.

મહાસભાના ખજાનચીએ સિવિલ જજ સિનિયર ડિવિઝનની કોર્ટમાં રજૂ કરેલા દાવામાં કહ્યું છે કે ઔરંગઝેબે શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિરને તોડી પાડ્યું હતું અને અતિક્રમણ તરીકે શાહી ઈદગાહ ઊભી કરી હતી.

તે પછી ઔરંગઝેબના વંશજોએ શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિરની પૂર્વ સીમા પર કહેવાતી મીના મસ્જીદનું નિર્માણ કર્યું જે ખોટું છે અને તેને આ જમીન ઉપરથી હટાવવી જોઈએ. તેમના દ્વારા કરવામાં આવેલા દાવામાં સુન્ની વક્ફ બોર્ડ ઉપરાંત મીના મસ્જીદના સચિવને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. કોર્ટે દાવા ઉપર સુનાવણી માટે ૨૬ ઓક્ટોબરની તારીખ નક્કી કરી છે.

ઓગષ્ટમાં છૂટક ફુગાવાનો દર વધીને ૭ ટકા : મોંઘવારી વધી

નવી દિલ્હી તા. ૧૩

ખાદ્ય પદાર્થોમોંઘા થવાને કારણે ઓગસ્ટમાં છૂટક ફુગાવો વધીને ૭ ટકા થયો હતો. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડાઓમાંથી આ માહિતી મળી છે. એક મહિના પહેલા જુલાઈમાં તે ૬.૭૧ ટકા હતો. CPI ઉપરઆધારિતફુગાવોસતત આઠમા મહિને રિઝર્વના સંતોષકારક સ્તરની ઉપલી મર્યાદાથી ઉપર રહ્યો હતો. સરકારે રિટેલ ફુગાવો બે ટકાથી છ ટકાની વચ્ચે રાખવાની જવાબદારી રીઝર્વ બેંકને આપી છે.

આંકડા અનુસાર, ખાદ્ય ચીજવસ્તુઓનો ફુગાવાનો દર જુલાઈમાં ૬.૬૯ ટકાની સામે ઓગસ્ટમાં૭.૬૨ ટકા હતો. જ્યારે ગયા વર્ષેઓગસ્ટમાં તે ૩.૧૧ ટકા હતો. ઓગસ્ટ મહિના પહેલા સતત ત્રણ મહિના સુધી મોંઘવારી દરમાં ઘટાડો જોવા મળ્યો હતો. જોકે તે ઘટાડા પછી મોંઘવારીએ હરણફાળ ભરીને સામાન્ય લોકોનાં બજેટઉપર અસર કરી છે.

રાયપુરમાં સંઘનાં સહકાર્યવાહ ડો. મનમોહન વૈદ્યની આકરી પ્રતિક્રિયા

કોંગ્રેસીઓનાં બાપ-દાદાઓએ સંઘનો તિરસ્કાર કર્યો, શાળાઓમાં હિન્દુત્વનું શિક્ષણ આપવું જોઈએ

રાયપુર તા. ૧૩

સોમવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ સરકાર્યવાહ ડો.મનમોહન વૈદ્યે કોંગ્રેસની ભારત જોડો યાત્રા અને સોશિયલ મીડિયા ઉપર સંઘ વિરુદ્ધ કરવામાં આવેલી પોસ્ટ ઉપર આકરી પ્રતિક્રિયા આપી હતી. ડો. વૈદ્યએ મીડિયા સાથે વાત કરતાં કહ્યુંહતું કેકોંગ્રેસીઓના બાપ-દાદાઓ તોહંમેશાં સંઘનો તિરસ્કાર કરતા હતા, પરંતુ સંઘ આગળ વધ્યો, સંઘ કેમ વધ્યો, કારણ કે તે રાષ્ટ્ર માટે સત્યના સિદ્ધાંત ઉપર કામ કરતો રહ્યો છે. સંઘ-પ્રમુખ મોહન ભાગવતે દેશનાં તમામ સંગઠનો સાથે ચર્ચા કરી હતી. નક્કી કરવામાં આવ્યું હતું કે આગામી દિવસોમાં દેશમાં ડઝેલાક સકારાત્મક ફેરફારો ઉપર કામ કરવું આવશ્યક છે. એમાં દેશની શાળા-કોલેજોમાં પણ હિંદુત્વના અભ્યાસક્રમની વાત છે. સંઘના સહ સરકાર્યવાહ ડો.મનમોહન વૈદ્યે જણાવ્યું હતું કે બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે દેશની વિદ્યાપીઠોમાં હિંદુત્વનું શિક્ષણ આપવું જોઈએ. તેમણે કહ્યું હતું કે યુએસ અને યુકેમાં હિંદુત્વ પર અભ્યાસ થઈ રહ્યો છે તો તે અહીં પણ થવો જોઈએ. તેમણે એમ પણ કહ્યુંહતું કે જીડીપીના બદલે ભારતીય માનક સૂચકાંકની તૈયારી પર પણ વિચાર કરવામાં આવ્યો હતો.

કોંગ્રેસની ભારત જોડો યાત્રાથી ભાજપ મુશ્કેલીમાં : જયરામ રમેશ

નવી દિલ્હી તા. ૧૩

કોંગ્રેસની 'ભારત જોડો' યાત્રાનો આજે છઠ્ઠો દિવસ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી તેમના કાફલા સાથે તમિલનાડુથી કેરળ આવ્યા છે. ભાજપની આરએસએસની વિચારધારા સામે કોંગ્રેસ પણ ઉગ્ર બની છે. પાર્ટીના નેતાઓ સતત સત્તાધારી ભાજપ ઉપર નિશાન સાધી રહ્યા છે. એક પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે ફરી ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યાછે. રમેશે કહ્યું કે કોંગ્રેસની ભારત જોડો યાત્રાના કારણે ભાજપ મુશ્કેલીમાં આવી ગયું છે

કોંગ્રેસે કહ્યું કે, 'જે રીતે ભાજપના નેતાઓ તરફથી ખોટા અને પાયાવિહોણા નિવેદનો આવી રહ્યા છે, તેનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે ભાજપ મુશ્કેલીમાં છે.' 'ભારત જોડો યાત્રા'ને લોકોનો પ્રતિસાદ મળી રહ્યો છે. પાર્ટીના કાર્યકરો અને સ્થાનિક નેતાઓ અંગે જયરામે કહ્યું કે યાત્રા દરમ્યાન તેમનામાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો છે.

સિકંદરાબાદમાં ઈ-બાઈક ચાર્જીંગ દરમ્યાન શો-રૂમમાં પ્રચંડ આગ ફાટી નીકળતા ૮નાં મોત

સિકંદરાબાદ (તેલંગાણા) તા.૧૩:

તેલંગાણામાં એક બાઈક શો રૂમમાંબાઈકના ચાર્જીંગ દરમિયાન બાઈકમાં આગ લાગતા અને તે આગ શો રૂમમાં ફરી વળતા આઠ લોકોના મોત થયા છે. જયારે અન્ય લોકો ઘાયલ થયા છે. શો રૂમની ઉપર આવેલી હોટેલ-લોજમાંથી લોકોએ જીવ બચાવવા છલાંગ લગાવી હતી. આ અંગેની વિગત એવી છેકે સિકંદરાબાદમાંગઈકાલે મોડીરાત્રે ઈલેકટ્રીક સ્કુટરના શો રૂમમાં આગ ભભુકી ઉઠી હતી, જાણવા મળતી વિગત મુજબ આ આગની ઘટના ત્યારે બની જયારે ત્યાં ઈલેકટ્રીક બાઈક ચાર્જ થઈ રહ્યું હતું.

૬ લોકોના મોતની પુષ્ટિ થઈ હતી, શ્વાસ રૂંધાવવાને કારણે બે વધુ લોકોના મોતની ખબર બહાર આવી છે, તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીની તપાસમાં એ બહાર આવ્યું છે કે આ દુર્ઘટના શોર્ટ સર્કીટના કારણે બની છે.

પેટ્રોલ - ડીઝલ, એલપીજી સિલિન્ડર સસ્તા થવાના સંકેતો

નવી દિલ્હી, તા.૧૩:

ઓઈલ કંપનીઓના નુકસાનની ભરપાઈ કરવા અને દેશવાસીઓને મોંઘવારીમાંથી રાહત આપવા માટે કેન્દ્ર સરકાર ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન જેવી સરકારી માલિકીની ઈંધણ રિટેલર્સને ૨૦,૦૦૦ કરોડ રૂપિયા આપવાનું વિચારી રહી છે. તે સાથે સરકાર ઈંધણના છૂટક વેચાણકર્તાઓને થયેલા નુકસાનની ભરપાઈ કરવાનો પ્રયાસ કરી રહી છે. જેના કારણે આગામી સમયમાં ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો થઈ શકે છે. અત્યારે એલપીજી સિલિન્ડરનો ભાવ રૂા.૧૦૫૩ની સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે છે.

ભારતીય સૈન્યનાં એન્જીનીયરીંગની કમાલ : સિંધુ નદી ઉપર પુલ બનાવ્યો

લદ્દાખ, તા.૧૩: ભારતીય સેનાએ ફરી એક વાર કમાલ કરી છે. સેનાના કોર ઓફ એન્જીનિયર્સે લદ્દાખ સેક્ટરમાં સિંધુ નદી ઉપર પૂલ તૈયાર કર્યો છે. ભારતીય સેના પ્રભાવશાળી એન્જીનિયરિંગ કૌશલનો એક વિડિયો સામે આવ્યો છે. આ વિડિયોમાં સૈનિકોને સિંધુ નદીઉપર એક પૂલનું બાંધકામકરતા જોવા મળ્યા છે.

આ વિડિયોમાં જોવા મળી રહ્યું છે કે ભારતીય સેનાના કોર ઓફ એન્જીનિયર્સે લદ્દાખ ક્ષેત્રમાં સિંધુ નદી ઉપર જે પૂલ તૈયાર કર્યો છે, એમાં સેનાની ગાડીઓ દોડી રહી છે. સેનાના ભારે વાહનો એ પૂલ ઉપર સરળતાથી આવ-જા કરી રહ્યા છે. આ પૂલના નિર્માણનો વિડિયો વાઇરલ થઈ રહ્યો છે.

પ્રિમિયમ ટ્રેનો મોડી પડશે તો યાત્રીકોને મફત ભોજનની સુવિધા અપાશે

મુંબઈ,તા.૧૩

ભારતમાં રેલવે પ્રવાસ કરતાં લોકોની કાયમ એક જ ફરિયાદ હોય છે કે ટ્રેન સમયસર પહોંચતી નથી, મોડી જ પડે છે. તેથી રેલવે વહીવટીતંત્ર દ્વારા પ્રવાસીઓ માટેની સેવામાં સતત સુધારા કરવામાં આવે છે.

હાલમાં, કોઈ એકાદી ટ્રેન લેટ પડે તો રેલવે તરફથી પ્રવાસીઓને મફત ભોજન આપવાની સુવિધા છે, પરંતુ આ સુવિધા તમામ ટ્રેનો માટે લાગુ નથી. માત્ર પ્રીમિયમ ટ્રેનો માટે જ લાગુ છે. જેમ કે, રાજધાની, શતાબ્દી, દુરન્તો એક્સપ્રેસ. આ ટ્રેનોનુંભાડુંસામાન્ય કે એક્સપ્રેસ ટ્રેનો કરતાં વધારે હોય છે.

આ ટ્રેનોમાંની કોઈ ટ્રેન જો મોડી પડે તો રેલવે તરફથી પ્રવાસીઓને મફત ભોજન પૂરું પાડવામાં આવે છે. આવી સુવિધા વિમાન પ્રવાસીઓને આપવામાં આવે છે. જો કોઈ ફ્લાઈટ મોડી પડે તો જે તે એરલાઈન કંપની દ્વારા પ્રવાસીઓને જમવાની મફત વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે.

રેલવેના નિયમ અનુસાર, પ્રીમિયમ ટ્રેન જો સ્ટેશનેકોઈપણ કારણસર, બે કલાકથી વધારે સમય મોડી પહોંચશે તો પ્રવાસીઓને મફત ભોજન આપવામાં આવશે.

૨૬ સપ્ટેમ્બર થી ૫ ઓકટોબર સુધી ભારે વરસાદની આગાહી

આ વખતે પણ નવરાત્રીમાં મેઘરાજા ખેલૈયાઓનો ખેલ બગાડશે

અમદાવાદ તા. ૧૩

૨૦૧૯માં ભારે વરસાદે ત્રીજા નોરતેજ અમદાવાદના ખેલૈયાઓને ઘરમાં બેસાડી દીધા હતા. ત્યારબાદ સળંગ બે વર્ષ- ૨૦૨૦ અને ૨૦૨૧માં કોરોનાએ રંગમાં ભંગ પાડ્યો હતો. હવે માંડ ૩ વર્ષે ગરબાની મજા માણવાનો રૂડો અવસર આવ્યો છે, ત્યારે ફરી વરસાદ વિલનબનીને ત્રાટકી શકે છે. હવામાન વિભાગના વરતારા અનુસાર, ગુજરાતમાં ચોમાસું હજી પૂર્ણ થયુંનથી અને મોન્સૂન વિડ્રોઅલ, એટલે કેચોમાસું પૂર્ણ થવાની તારીખો લંબાઈને હવે ૧૧-૧૩ ઓક્ટોબર થઈ શકે છે. આ સ્થિતિમાં વરસાદ આ વખતે પણ ખેલૈયાઓના રંગમાં ભંગ પાડી શકે છે.

શાંઘાઈ શીખર પરીષદ દરમ્યાન વડાપ્રધાન મોદી - પુતિન વચ્ચે બેઠક યોજાશે

જિનપિંગ અને શાહબાઝ શરીફ સાથે મંત્રણા અંગે સ્થિતિ સ્પષ્ટ નથી

તાશકંદ તા. ૧૩

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠક ૧૫અને ૧૬ સપ્ટેમ્બરે ઉઝબેકિસ્તાનના સમરકંદમાં યોજાવાની છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાગ લેશે. આ દરમ્યાન તેઓ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને મળશે. માનવામાં આવી રહ્યું છે કે બંને નેતા વચ્ચે રશિયા-યુક્રેન યુદ્ધ અને ખાદ્ય સુરક્ષા જેવા મહત્વના મુદ્દાઓ ઉપર વાતચીત થઈ શકે છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ પણ શાંઘાઈ સમિટમાં ભાગ લેશે. જોકે મોદી આ બંને નેતા સાથે વાતચીત કરશે કે કેમ એ હજુ સ્પષ્ટ નથી.

વિધાનસભા તરફ માજી સૈનિકોની કૂચ પોલીસે ગાંધીનગરનાં માર્ગો કોર્ડન કર્યા

ગાંધીનગર તા. ૧૩

રાજય સરકાર સામે ૧૪ પડતર માગણીને લઈને આંદોલન ઉપર ઊતરેલા માજી સૈનિકોએ આજે સવારથી ગાંધીનગર વિધાનસભા તરફ કૂચ કરવામાં આવતાં પોલીસે શહેરમાં પ્રવેશવાના માર્ગો ઉપર ચુસ્ત પોલીસ- બંદોબસ્ત ગોઠવી દઈ વિધાનસભા પોલીસ-છાવણીમાં ફેરવી દેવાયું છે. આજે ચિલોડા આર્મી કેમ્પ ખાતે માજી સૈનિકોની ફોજ ઊતરી આવી રેલી કાઢી ગાંધીનગર તરફ કૂચ કરેએ પહેલાંજ પોલીસે માજી સૈનિકોને આગળ વધતા અટકાવી દીધા છે.

છેલ્લા ઘણા સમયથી માજી સૈનિકો દ્વારા પડતર માગણીઓને લઈને અનેકવાર રજૂઆતો કરવામાં આવીહતી. ગાંધીનગર ચિલોડા ખાતે હાથમાં તિરંગો લઈને મોટી સંખ્યામાં માજી સૈનિકોભેગા છે. અગાઉરાજય સરકારે માજીસૈનિકોની પાંચ માંગણી સ્વીકારી લેવામાંઆવી હતી. જોકેહજી પણ બાકીની પડતર માંગણીઓબાબતે કોઈ હકારાત્મક નિરાકરણ નહીં આવતાં ફરીવાર માજી સૈનિકોએ સરકાર સામે જંગ છેડવામાં આવ્યો છે, જેમાં શહીદ જવાનોના પરિવારે પણ આંદોલનમાં જોડાયા છે.

વિજપોલ, ટ્રાફિક સિગ્નલ, સરકારી ઈમારતો બનશે ફાઈવ-જી કેરીયર્સ

નવી દિલ્હી ૧૩

દેશમાં હવે દિપાવલી સુધીમાં મેટ્રોની કેટેગરીમાં આવતા ૧૫ મોટા મહાનગરોમાં ટેલીકોમ સેવા માટે 5-G સેવાનો પ્રારંભથશે પણ હવે કેન્દ્ર સરકાર તેમાં એક ડગલું આગળ વધીને આ ૧૫ મેટ્રો સીટી ઉપરાંત દેશમાં એક ગ્રામીણ કક્ષાએ 5-G સેવા ઉપલબ્ધ બને તેવા પ્રયાસો માટે સ્મોલ-સેલ-ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવા પણ આગળ વધી રહી છે અને ખાસ કરીને ગુજરાત સરકાર તેમાં પહેલ કરશે. કેન્દ્ર સરકારે દેશના તમામ રાજયોને ૨૦૨૪ સુધીમાં છેક ગ્રામીણ કક્ષાએ 5-G વેવ્ઝ મળે તે માટે સંભવિત 5-G કેરીયર્સની બ્લુ પ્રિન્ટ તૈયાર કરી છે. જેમાં દરેક વિજપોલ, બસ શેલ્ટર, ટ્રાફિક સિગ્નલ પોલ, તમામ સરકારી અને અર્ધ સરકારી ઈમારતો વિ.માં આ સ્મોલ-સેલ-ટેકનોલોજીની 5-G વેવ્ઝ પહોંચે તેની શક્યતા ચકાસણી શરૂ કરશે.

લેવા-વેચવા

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફ્લેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

મયંક એસ્ટેટ બ્રોકર
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

મેનેજમેન્ટ કવોટા બી.એડ્. પ્રવેશ ૨૦૨૨-૨૩

N.C.T.E. માન્ય ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી- જૂનાગઢ સંલગ્ન બી.એડ્. કોલેજમાં પ્રવેશ માટે

● ગુજરાતી ● સંસ્કૃત ● અંગ્રેજી ● હિન્દી ● ગણિત ● વિજ્ઞાન ● કોમર્સ ● સામાજિક વિજ્ઞાન ● અર્થશાસ્ત્ર

વિષયોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ દિવસ-૭ માં રૂબરૂ આવી અરજી કરવી.

ઉમેદવાર ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી - જૂનાગઢમાં મધ્યસ્થ પ્રવેશ સમિતિમાં ફોર્મ ભરેલ હોવું જોઈએ તેમજ પરિક્ષા આપેલ હોવી જોઈએ.

તપોવન કોલેજ ઓફ એજયુકેશન - જૂનાગઢ

બિલખા રોડ, વાયા ટીંબાવાડી - પાદરીયા, જૂનાગઢ. મો. ૯૪૨૫૪ ૭૮૫૪૧

નોબલ ટાઉનશીપ
જૂનાગઢ
ટેનામેન્ટ બનાવતા બિલ્ડરો માટે ખાસ સ્કીમ માટે મળો
૧૦૦ ચો.વાર પ્લોટનાં માલીક બનો....
મો. ૯૯૭૮૬ ૨૯૩૩૩
સંપર્ક : નોબલ ટાઉનશીપ
વંથલી રોડ, હરીઓમ એપાર્ટમેન્ટ પાસે, વિનાયક ગ્રીન સામેનો રોડ, જૂનાગઢ

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ રાયોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, પોર્ટેબિલ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત

જૂનાગઢ વહિવટી તંત્ર અને ચેમ્બર ઓફ કોમર્સ, વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ વચ્ચે એમઓયુ કરાયા

જૂનાગઢ, તા.૧૩

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર જૂનાગઢ રચિત રાજની અધ્યક્ષતામાં વહીવટીતંત્ર તેમજ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ ઈન્ડસ્ટ્રીઝનાં પ્રતિનિધીઓ સાથે મળી મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. જેમાં ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ ઈન્ડસ્ટ્રીઝનાં પ્રતિનિધીઓ એ લોકશાહીના મૂલ્યોનું જતન કરી રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થવા તમામ પ્રકારના સાથ-સહકારની ખાતરી આપી હતી. ભારતીય ચૂંટણી પંચ દ્વારા તા.૧/૧૦/૨૦૨૨ની લાયકાત તારીખ સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષીપ્ત સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યો છે. જેમાં ૧૮ વર્ષ થી વધુ વયના તમામ નાગરિકો પોતાનું નામ મતદારયાદીમાં દાખલ કરાવે તે બાબત ઉપર ભાર મૂકવામાં આવેલ છે. મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અંગે જાગૃતી વધે તેમજ ચૂંટણી પ્રક્રિયામાં ભાગીદારી નોંધાવે તે અર્થે વિવિધ પ્રવૃતીઓના માધ્યમથી પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેમાં ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ ઈન્ડસ્ટ્રીઝનાં પ્રતિનિધીઓ પોતાનો સહયોગ આપશે તે પ્રકારે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા જેમાં આ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા તમામ કામદારોની મતદાર તરીકે નોંધણી થાય તે બાબત સુનિશ્ચીત કરાશે તેમજ તેઓને મતદાન કરવા માટે પ્રોત્સાહીત કરાશે. મતદાર જાગૃતી માટેના કાર્યક્રમો માટેની આ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં વધુમાં વધુ આયોજીત કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.વધુમાં હાલ ચૂંટણી કાર્ડ સાથે આધાર લીંક કરવા માટેના કાર્યક્રમો માટે પણ સહયોગ આપવા બાંહેધરી આપવામાં આવી હતી.

વિસાવદરમાં એક કરોડથી વધુ રકમના ૧૦૦થી વધુ વિકાસ કામોનું ખાતમુહૂર્ત- લોકાર્પણ કરાયું

જૂનાગઢ, તા.૧૩

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં સર્વાંગી વિકાસના કામો અનેજન સેવાના અવિરત કાર્યો થયા છે તેમ જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ વિસાવદર ખાતે કહ્યું હતું. વિશ્વાસથી વિકાસયાત્રા અંતર્ગત આજે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજય સરકારના માર્ગદર્શનમાં વિસાવદર પ્રાંત કક્ષાનો કાર્યક્રમ વિસાવદર માર્કેટયાર્ડ ખાતે યોજાયો હતો.આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહેલા સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આગળવધી રહ્યો છે. જૂનાગઢ જિલ્લામાં થયેલા વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરીને સાંસદેજન સેવામાં સરકારે નિર્ણાયક નિર્ણયો લઈને અનેક સેવાઓ લોકોને સમર્પિત કરી છે તેમપણ જણાવ્યું હતું. વિસાવદર ખાતેથી પ્રાંત વિસ્તારના રૂપિયા ૧.૨૩ કરોડના અંદાજે ૧૦૪ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સાંસદના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના વિકાસની ગાથા રજુ કરતી ફિલ્મનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ વિપુલભાઈ કાવાણી, શિક્ષણ સમિતિના ચેરમેન, તાલુકા પંચાયતના પ્રમુખ નીતિનભાઈ, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ, અગ્રણી સર્વ નરેન્દ્રભાઈ કોટીલા, હરિભાઈ, ઉમેશભાઈ સંગઠનના સ્થાનિક પદાધિકારીઓ, સરપંચો સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે કાર્યક્રમનો ઉદેશ તેમજ સ્વાગત પ્રવચન પ્રાંત અધિકારી કીર્તનબેન રાઠોડે કર્યું હતું. ભેંસાણના તાલુકા વિકાસ અધિકારીએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. જ્યારે આભાર વિધિ વિસાવદર ના તાલુકા વિકાસ અધિકારીએ કરી હતી.

મેંદરડા-માળીયા તાલુકામાં ૪૫૮ લાખનાં ખર્ચે ૧૦૪ વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુર્હુત

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ જિલ્લાનાં માળીયા હાટીના ખાતે પટેલ સમાજ નાં હોલમાં યોજાયેલ પ્રાંતકક્ષા ની વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારીયાનાં હસ્તે માળીયા હાટીના તાલુકાના ૭૨ લાખનાં ખર્ચે ૩૨ વિકાસ કામો અને મેંદરડા તાલુકાનાં ૩૨ લાખનાં ખર્ચે નવ વિકાસ કામોનું ખાતમૂહૂર્ત કરવામાં આવ્યુ હતુ. સાથે સાથે માળીયા હાટીનાં તાલુકામાં ૨૦૦ લાખનાં ખર્ચે પુર્ણથયેલ ૩૯ વિકાસકામો અને મેંદરડા તાલુકામાં ૧૫૧ લાખનાં ખર્ચે સંપન્ન થયેલ ૨૪ વિકાસ કામોનું લોકાર્પણ કરવામાંઆવ્યુ હતુ.

માળીયા હાટીના ખાતે યોજાયેલ વિશ્વાસથી વિકાસયાત્રા અંતર્ગત કાર્યક્રમનો મંગલ દિપ પ્રગટાવી જિલ્લા પંચાયત પ્રમુખે પ્રારંભ કરાવી પ્રાસંગિક ઉદબોધનમાં શાંતાબેને જણાવ્યું હતું કે મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજય સરકાર દ્વારા શહેરો અને ગ્રામ્ય સ્તરોનો સંતુલીત દિશામાં અનેકવિધ કાર્યો થઈ રહ્યા છે. આજે મેંદરડા પ્રાંત કક્ષામાં ૪૫૮ લાખનાં ખર્ચે ૧૦૪ વિકાસ કામોની આ વિસ્તારને ભેટ મળી છે. જેના થકી લોકસુખાકારીમાં ખુબલાભ થશે. 'સૌનો સાથ, સૌનો વિકાસ સાથે સૈાનો પ્રયાસ'નાં મંત્ર સાથે આજે ગુજરાત વિકાસનો પર્યાય બની ચૂક્યું છે. વિકાસનું એકએવું મોડલ ગુજરાતે વિકસાવ્યું છે જે રાજયનાં દરેક નાગરિકો નાં જીવનને સ્પર્શે છે. જયારે જયોતિગ્રામ યોજના થકી ગુજરાતનાં ગામડાઓમાં ૨૪ કલાક નિરંતર શ્રી-ફેઝ વીજપ્રવાહ પૂરો પાડવામાં આવે છે. આનાં પરિણામો હવે સૌકોઈ જોઈ શકે છે. ગ્રામીણ અર્થતંત્ર હવે ખાસ્સુ સશક્ત બન્યું છે અને ગામડાઓમાંથી શહેરો તરફ થતા સ્થળાંતરણમાં પણ ઘટાડો થયો છે. આ પ્રકારનું કદમ ઉઠાવનાર ગુજરાત દેશનું સૌપ્રથમ રાજય છે.

આ પ્રસંગે સાવજ ડેરીનાં ચેરમેન દીનેશભાઈ ખટારીયાએ જણાવ્યુ હતુ કે પુનઃપ્રાપ્ય ઊર્જાનાં અન્ય સ્ત્રોતોનો ઉપયોગ કરવાની દિશામાં પણ ગુજરાત રાજયે ઝડપી વિકાસ કર્યો છે. વીજશકિત ઉપરાંત જળશકિતનો લાભ મેળવવા ગુજરાત સરકારે કૃતનિશ્ચયી પ્રયાસો કર્યા છે. ગુજરાતભરનાં ગામડાઓમાં શુધ્ધ પાણી પહોંચાડવાનાં ઉદેશ્યથી વાસ્મોની રચના થઈ. જનભાગીદારી અને અસરકારક જળવ્યવસ્થાપનને કારણે આજે ગુજરાતમાં પાણી સમિતિઓનાં કુશળ સંચાલન થકી નળથી જળ નીવાત સાર્થક બની છે પ્રાથમિક શિક્ષણ, અને ખાસ કરીને કન્યાઓ માટે શિક્ષણનાં ક્ષેત્રે અસરકારક વહીવટ દ્વારા હકારાત્મક પરિણામો મેળવી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનાં વિરાટ અભિયાનો થકી સુંદર પરીણામો હાંસલ કરી શક્યા છીએ.

આ પ્રસંગે તાલુકા પંચાયત મેંદરડાનાં પ્રમુખ વિનુભાઈ રાજાણીએ પ્રાસંગિક વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતનાં વિકાસ પાછળ નારીશકિતનો મોટો ફાળો છે. ગુજરાતે સૌપ્રથમ વખત મહિલાઓનાં જીવનમાં બદલાવ લાવવા હોસ્પિટલમાં નિશુલ્ક તબીબી સારવાર, શિશુઓનાં સ્વાસ્થ્યમાં સુધાર, નારીશકિતને વિકાસ પ્રક્રિયામાં ભાગીદાર બનાવવી, નારી ગૌરવ નીતિ અમલમાં મૂકવી, મિશન મંગલમ યોજનાનો થકી સખીમંડળોનાં માધ્યમથી બહેનોને પગભર બનાવવી જેવી અનેક લોકહીતકારી યોજનાઓ થકી આજે ગુજરાત વિકાસની ડગર પર અગ્રેસર છે.

આ પ્રસંગે માળીયા તાલુકા પંચાયત પ્રમુખ દિલીપસીંહ સિસોદિયાએ વાત કરતા જણાવ્યુ હતુ કે કૃષિમહોત્સવ જેવા કૃષિ પ્રોત્સાહક પ્રસયાસો અને કૃષિ કલ્યાણ યોજનાઓ થકી ગુજરાતમાં કૃષિક્ષેત્રની કાયાપલટ થઈ ગઈ છે, અને ગુજરાત ભારતની બીજી હરિત કાંતિનું જનક બન્યું છે. ગુજરાતની કૃષિ આવકમાં અનેકસ્તરે વધારો થયો છે, કૃષિ સાથે-સાથે ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ જબરદસ્ત ઉંચાઈએ પહોંચ્યો છે. ગુજરાતમાં અનેકવિધ ઉદ્યોગોનું અસ્તિત્વ જોવા મળે છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટને કારણે દુનિયાભરમાંથી ગુજરાતમાં મોટા પાયે મૂડીરોકાણ આવી રહ્યું છે. વહીવટી સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને તાલુકાઓનું સશકિતકરણ કરવાનાં ઉદેશ્ય સાથે 'આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો' (એટીવીટી) કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે તથા જનસેવા કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે, જયાં લોકોને ૧૨૪ પ્રકારની સેવાઓ પ્રદાન કરવામાં આવે છે.

આ પ્રસંગે રાજયમાં થયેલ અને થનાર વિકાસનાં કામોની ઝલક રજુ કરતી ફિલ્મ સૌએ નીહાળી હતી. કાર્યક્રમનાં પ્રારંભે પ્રાંત અધિકારી સુશ્રી નિશાબેન ચુડાસમાએ આમંત્રિત સૌને આવકારી કાર્યક્રમનો હાર્દ રજુ કરતા જણાવ્યું હતું કે સૌનાં સહકારથી આવનાર વર્ષોમાં આપણે એક ભવ્ય અને દિવ્ય ગુજરાતનું નિર્માણ કરીશું

આ પ્રસંગે અગ્રણી ઠાકરશીભાઈ જાવીયા, હમીરભાઈ સીસોદીયા, બી.કે. સીસોદીયા, ગઢુનાં સરપંચ શ્રી બાદલ, માળીયા મામલતદાર ડોડીયા, મેંદરડા મામલતદાર ભલગરીયા, તાલુકા વિકાસ અધિકારી હરેશ ચૌધરી, તથા રજની હુમર સહિત વિવિધ ગામોમાંથી સરપંચો, તાલુકા જિલ્લા પંચાયતનાં સદસ્યશ્રીઓ ગ્રામજનો, આગેવાનો ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રમેશ જોષીએ સંભાળ્યુ હતુ.

માહી ડેરી દ્વારા દૂધની ખરીદીનો કિલો ફેટનો ભાવ વધારીને રૂા.૭૫૦ કરાયો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા. ૧૩

રાજયમાં આવર્ષે એક તરફ લમ્પી વાયરસથી અનેક ગાયના મોત થયા છે અને બીજી તરફ પશુઓના ખાણદાણની કિંમતોમાં સતત વધારો થતા પશુપાલકોની સ્થિતિ કપરી બની ગઈ છે ત્યારે સૌરાષ્ટ્ર - કચ્છના ખેડૂતોની પોતાની સંસ્થા -માહી ડેરી દ્વારા પશુપાલકોને ચૂકવાતા દૂધના ભાવમાં કિલો ફેટ દીઠ રૂા.૧૦નો વધારો કરી કિલો ફેટના ભાવ રૂા. ૭૫૦ કરી દેવાતા પશુપાલકોમાં આનંદ છવાઈ ગયો છે. રાજયમાં લમ્પી રોગચાળાને કારણે પશુપાલકો ભારે ચિંતામાં મુકાયેલા છે. પશુપાલકોની મુશ્કેલ સ્થિતિને ધ્યાને લઈને દૂધ ઉત્પાદકોની પોતાની સંસ્થા માહી ડેરીએ દૂધ ઉત્પાદકોને ચૂકવાતા દૂધના ભાવમાં ૧૦ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લેતા માહી ડેરીના દૂધ ઉત્પાદક સભ્યોમાં હરખની હેલી છવાઈ ગઈ છે. માહી ડેરી દ્વારા પશુપાલકોને હાલમાં દૂધના ચૂકવાતા કિલો ફેટદીઠ ભાવમાં છેલ્લા વીસ દિવસમાંબીજી વખત રૂા.૧૦નો વધારો કરીને દૂધના કિલો ફેટ દીઠ રૂા.૭૫૦ ચૂકવવાનોનિર્ણય કરવામાં આવ્યો છે.

શ્રી રામનગર પ્રાથમિક શાળા ખારા વિસ્તાર-ઉનાના વિદ્યાર્થીઓ દ્વારા ઈકો ફેન્ડલી ગણેશ ઉત્સવ ઉજવાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૧૩

શ્રી ગણેશ ઉત્સવ નિમિત્તે શ્રી રામનગર પ્રાથમિક શાળા ખારા વિસ્તાર-ઉનાના વિદ્યાર્થીઓ દ્વારા ઈકો ફેન્ડલી ગણેશ ઉત્સવ ઉજવવાની પહેલ કરી સૌને અનુકરણીય કાર્ય કરવા પ્રેરણા આપી જાય છે. વિશાળ આયોજન જાજરમાન મંડપ સામિયાણા અને અદ્યતક ઉત્સવ એક તરફ અને બીજી તરફ ખુબ સાદગી અને ઈકો ફ્લેન્ડલી શ્રી રામનગર પ્રાથમિક શાળાના બાળકોએ પોતાની રીતે તૈયાર કરેલા સવા વેંતના ગણેશ સ્થાપન કરી પૂરી શ્રદ્ધા નિષ્ઠા સાથે નિત્ય પૂજા સેવા અર્ચના કરે છે. બાળકોને પૂછવામાં આવ્યુ ત્યારે સ્થાપના અને ગણેશજી પાસે એ પ્રાર્થના કરે છે. મહામારી કોરોના, લમ્પી, જેવી બિમારીથી સંપૂર્ણ વિશ્વ મુક્ત થાય, દરેકપશુ પક્ષી ,આઝાદ રીતે વિહાર કરી શકે, બંધુત્વની ભાવના ફૈલાય , આવી વાત તેમના શબ્દોમા કહી હતી.આ આસ્થા અને વિશ્વાસના આ સમગ્રપૂણ્ય પર્વને સફળબનાવવા એસ.એસ.ડી. કોલેજના સાંસ્કૃતિક પ્રભારી કિષ્નનભાઈ મહેતા તથા શ્રી રામનગર પ્રાથમિક શાળાનાં શિક્ષક સંજયભાઈ જોશી, નાગજીભાઈ ગુઝ્જર ગીતાબહેન, જલ્પાબહેન રાઠોડ, નીતાબહેન ઝાલા, જાદવભાઈએ કાર્યક્રમ સફળ બનાવવા પુરતો સહયોગ કર્યો હતો.

જૂનાગઢથી મુંબઈ લાલબાગ ગણેશજીના દર્શન કરનાર પદયાત્રીનું ભવ્ય સન્માન કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢના રાષ્ટ્રપ્રેમી સમીરભાઈ દતાણી કોરોના મહામારી સમયે વિશ્વકલ્યાણ અર્થે જૂનાગઢથી મુંબઈ ચાલીને જવાની અને લાલબાગ વિઘ્નહર્તા ગણેશજીના દર્શન કરવા માટેની એક માનતા રાખી હતી. જે મુજબ કોરોના મહામારી પર નિયંત્રણ આવતા આ પદયાત્રા પૂર્ણ કરી તેઓ માનતા પૂર્ણ કરી જૂનાગઢ પરત આવતાની સાથે જ જૂનાગઢની અનેક સામાજિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ તેમજ પરિવારના સભ્યો દ્વારા ભવ્યાતિ ભવ્ય સ્વાગત, સન્માન લોહાણા મહાજન વાડી, ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે તા.૧૧/૯/૨૦૨૨ રવિવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે માતૃ દમયંતીબહેન દ્વારા કુમકુમ તિલક કરી સમીરભાઈને આશીર્વાદ આપવામાં આવ્યા હતા અને પિતા જગદીશભાઈ તેમજ દાદીમાં જસવંતીબહેન દ્વારા શાલ ઓઢાડી આશીર્વાદ આપવામાં આવ્યા હતા. જ્યારે પુત્રી દેવાંશી અને પુત્ર અંશ દ્વારા સમીરભાઈના ચરણોમાં વંદન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને ધર્મપત્ની વિભૂતિબહેન દ્વારા પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને દતાણી પરીવારનાં વડીલો તેમજ પરિવારના સભ્યો દ્વારા સમીરભાઈ દ્વારા થયેલ આ કાર્યને બિરદાવ્યું હતું. ખાસ આ પ્રસંગે ઉપસ્થિત વિશ્વ હિન્દુ પરિષદ જૂનાગઢનાં સભ્યો, પ્રાંત મંડળના ભુપતભાઈ ગોવાણી, અખીલ ભારતીય સહ સત્સંગ સંયોજકના દાદા વૈદ્યજી, ભવનાથ ક્ષેત્રનાં સંત અરજણગીરીબાપુ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના પરબતભાઈ નાઘેરા, જુનાગઢ જીલ્લા શૈક્ષીક સંઘનાં સુરેશભાઈ ખુમાણ, માળિયા તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘના હમીરભાઈ સિંધવ, માળિયા તાલુકા શૈક્ષીક સંઘનાં જયદીપભાઈ ડોડીયા અને શૈક્ષણિક ક્ષેત્રે જોડાયેલા અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા તેમજ જિલ્લા શિક્ષણ તાલિમ ભવન, સોમનાથ ગિરનાં પ્રાચાર્ય પંપાણીયા, સૌરાષ્ટ ગ્રામીણ બેંકના મેનેજર પબારી તેમજ વિષેશ ઉપસ્થીત લોહાણા મહાજનનાં પંકજભાઈ ભટેચા તેમજ રઘુવંશી કર્મચારી મંડળ જૂનાગઢના સભ્યો તેમજ હરીઓમ ગ્રુપનાં સભ્યો, બાબા મિત્ર મંડળનાં સભ્યો, બાપા સીતારામ ગ્રુપ, ઉપરકોટ યુવક મંડળ , વણઝારી ચોક મિત્ર મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને તમામ લોકોએ સમીરભાઈની રાષ્ટ્ર ભાવના અને લોકોની આરોગ્ય સુખાકારી માટે કરેલી માનતાને પુર્ણ કરવા બદલ ફૂલહાર પહેરાવી, શાલ ઓઢાડી તેમજ પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ખાસ આ પ્રસંગે મિત્ર મંડળ, પરીવારજનો ઉપસ્થિતિ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, દતાણી પરિવારની વર્ષોથી સમાજ સેવાની પરંપર સમીરભાઈ દ્વારા જાળવી રાખવામાં પણ આવી રહી છે. સમીરભાઈના પિતા બાબા મિત્ર મંડળ-જૂનાગઢ સાથે જોડાયેલ છે અને ગરીબ લોકો માટે અન્ન વ્યવસ્થા કરવામાં આવી રહી છે તો તેમના સ્વર્ગીય કાકા મહેશભાઈ દતાણી પણ શ્રીનાથજી પૂનમ ગ્રુપ દ્વારા ધાર્મિક યાત્રા પ્રવાસ અને નાથદ્વારામાં ભોજન વ્યવસ્થા કરી સેવાકીય પ્રવૃત્તિ કરતા હતા. કહેવાય છે કે સંસ્કાર એ વારસાઈ ભેટ હોય છે તેમ આજ સમીરભાઈ પણ અનેક સેવાકીય પ્રવૃતિઓ કરી સમાજ સેવાનો વારસો રહ્યા છે. તેઓએ કોરોના કાળમાં પણ કોરોના પોઝિટિવ આવેલ વ્યક્તિઓના ઘરે ઘરે જઈને ભોજન પહોંચાડવાની પણ ઉતમ વ્યવસ્થા કરી હતી. જૂનાગઢમાં ઉનાળાની કાળઝાળ ગરમી ગાયને રાહત મળે તે માટે ગોળનું સરબત બનાવી પીવડાવવાની કામગિરી કરતા હતા. કોરોનામાંથી સમાજ મુકત થાય તેવી તો જૂનાગઢથી મુંબઈ લાલબાગ વિઘ્નહર્તા ગણેશજીના આશીર્વાદ મેળવવા પદયાત્રા કરવાની માનતા પણ પુર્ણ કરી જૂનાગઢનું ખરેખર ગર્વ વધાર્યું છે જેમની મુંબઈ લાલબાગ વિઘ્નહર્તા ગણેશજી ટ્રસ્ટ દ્વારા પણ નોંધ લેવામાં આવી છે અને તેમના આ કાર્ય લઈને સૌ મિત્રો, શુભેચ્છકો તરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. આ કાર્યક્રમમાં પરિવાર દ્વારા આવેલ તમામ મહેમાનો માટે ખાસ ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઉનામાં એ. કે. ગૃપ દ્વારા ગણેશ વિસર્જન શોભાયાત્રામાં લોકગાયીકા રાજલ બારોટે ભક્તિમય ગીતોથી રમઝટ બોલાવી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૧૩

ઉના શહેરમાં એ કે ગૃપ આયોજીત ચંન્દ્રકિરણના રાજાની વિસર્જન શોભાયાત્રામાં ગુજરાતી પ્રખ્યાત લોક ગાયીકા રાજલ બારોટ દ્વારા શહેરના મુખ્ય માર્ગ પર સાઉન્ડ સિસ્ટમ સાથે ગણેશ વિસર્જનની ભવ્ય શોભાયાત્રા ત્રિકોણ બાગથી શાહ. એચ. ડી. હાઈસ્કુલ સુધી નિકળી હતી. જેમા શહેર અને તાલુકાના મોટી સંખ્યામાં લોકો લોક ગાયિકાને નીહાળવા ઉમટી પડયા હતા. ઉના નગર પાલિકા સદસ્ય અને એ. કે. ગૃપના અલ્પેશભાઈ કાનજીભાઈ બાંભણિયા દ્વારા ગણેશ વિસર્જનનો ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સાંજના સમયે ગણેશજીની વિધીવત પુજા અર્ચના આરતી કર્યા બાદ ઉના શહેરના મુખ્ય માર્ગ ઉપર ચંન્દ્રકિરણના રાજાની વિસર્જન શોભાયાત્રામાં ગુજરાતી પ્રખ્યાત લોક ગાયીકા રાજલ બારોટે ગણપતિજીના અને ગુજરાતી ગીતોની રમઝટ બોલાવી હતી. આ વિસર્જન શોભાયાત્રામાં શહેર અને તાલુકાના બહોળી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. ગુજરાતી લોક ગાયીકા રાજલ બારોટનાં સુરીલા અવાજે ભક્તિમય શહેરને બનાવ્યું હતું અને ગુજરાતી ગીતોની રમઝટ બોલાવતા ગણેશજીની શોભાયાત્રામાં ઉમટેલી મેદનીને ડોલાવી ભક્તિમય માહોલ સર્જાયો હતો. સમગ્ર એક કિલોમીટર સુધી ગણેશોત્સવ વિસર્જનયાત્રામાં લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

ક્રિપ્ટોનો પરપોટો ગમે ત્યારે ફુટી શકે, ચેતજો

આભાસી મુદ્રા એટલે કે ક્રિપ્ટો કરન્સીની માયાજાળ વધતી જઈ રહી છે. ક્રિપ્ટો કરન્સીના સિક્કાના પણ બે પાસાં છે. એક પાસામાં ઘણો બધો નફો છે અને બીજા પાસામાં આર્થિક સંદર્ભે પડકારો કે સુરક્ષા સમાયેલી છે. તેને અપનાવતા કે તેને સ્વીકાર કરતાં પહેલાં તેના કાનૂની પક્ષ અને કાયદાસંમત સ્વીકાર્યતા ઉપર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત રહેશે. ક્રિપ્ટો કરન્સી એક ડિજિટલ મુદ્રા છે, જેને ના તો જોઈ શકાય છે કે ના પસંદ કરી શકાય કે ના ચલણની માફક ખિસ્સામાં કે પર્સમાં મૂકી શકાય છે, કારણ કે તેની હાર્ડ કોપી કે મુદ્રિત રૂપ ઉપલબ્ધ જ નથી. આ કરન્સી ભૌતિક રૂપે ઉપલબ્ધ નહિ હોવાને કારણે તેને આભાસી મુદ્રા કહેવામાં આવે છે. આ એક સ્વતંત્ર પ્રકારની મુદ્રા છે, જેનું સંચાલન અને નિયમન કોઈ સંસ્થા કે સરકાર દ્વારા નથી કરી શકાતું. તેને વિકેન્દ્રીત મુદ્રા પણ કહેવામાં આવે છે. આ એક ડિજિટલ મુદ્રા છે. આ એક એવી મુદ્રા છે, જેને કમ્પ્યૂટર અલ્ગોરિધમના આધાર ઉપર બનાવવામાં આવે છે. તેને ફક્ત કમ્પ્યૂટરમાં જ જોઈ શકાય છે અને ચૂકવી શકાય છે. આ મુદ્રા સરકારી નિયંત્રણથી મુક્ત છે. વિશ્વમાં સૌથી પહેલાં ૨૦૦૯માં જાપાનના સંતોષી નાકમોતો દ્વારા બનાવવામાં આવી હતી. હાલમાં બજારમાં ૧૫૦૦થી પણ વધારે ક્રિપ્ટો કરન્સી ઉપલબ્ધ છે, જે પિયર ટૂ પિયર ઈલેકટ્રોનિક સિસ્ટમ રૂપે કામ કરે છે. હાલમાં ક્રિપ્ટોકરન્સીની લોકપ્રિયતાનું કારણ એ પણ છે કે તે ગોપનીયતા જાળવી રાખવામાં સહાયક બને છે. જેની લેવડદેવડમાં છદ્મ નામ અને ઓળખ રાખી શકાય છે. એવામાં નિજતાને લઈને વધુ પડતી સંવેદનશીલ વ્યક્તિઓને આ વ્યવસ્થા બહુ કોઠે પડી જાય છે. તેની લેવડદેવડમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર ઘણો આર્થિક બોજો ઓછો પડે છે. જેની લેવડદેવડમાં થર્ડ પાર્ટીના સર્ટીફિકેશનની જરૂર નથી હોતી. સામાન્ય બેંક ખાતાંની જેમ તેમાં કોઈપણ પ્રકારના કાગળિયાની જરૂર પણ નથી રહેતી. સરકાર પાસે બેંક ખાતાંને જપ્ત કરવાનો અધિકાર હોય છે, પરંતુ ક્રિપ્ટો કરન્સી મામલે સરકાર એવું નથી કરી શકતી. તેથી સરકારથી બચવાના પ્રભાવશાળી વિકલ્પ રૂપે આ મુદ્રાનો પ્રયોગ કરાઈ રહ્યો છે. સાથે જ નોટબંધી અને મુદ્રાના અવમૂલ્યન ઉપર તેનો કોઈ પ્રભાવ નથી પડતો. આ ડિજિટલ કરન્સી છે, તેથી તેમાં છેતરપિંડીની સંભાવનાઓ બહુ ઓછી હોય છે. જોકે, આભાસી ચલણ હોવાને કારણે તેનો પરપોટો ગમે ત્યારે ફૂટવાની આશંકા નિષ્ણાંતો વ્યક્ત કરી રહ્યા છે. એવામાં રોકાણકારોએ વધુ નફાની લાલચે આ બલામાં પડતાં પહેલાં નિષ્ણાંતની સલાહ લેવી બહુ જરૂરી બની જાય છે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વિદ્યા તો કામધેનુ છે.

- ચાણક્ય

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.ફરવરદીન-૧૩૯૨, મુ. સફર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, ભાદરવા વદ-૩ ચોથનું શ્રાધ્ધ, અંગારકી સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૯:૦૦ ક.) પંચક (સવારે ૬:૩૬ ક.થી સમાપ્ત) તા.૧૩ સપ્ટેમ્બર ૨૦૨૨, મંગળવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૧૬, રેવતી નક્ષત્ર, વૃધ્ધિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૩૭, સૂ.અ.૬:૫૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સવારે ૬:૩૬ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ :	ગૃહસ્થ જીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
વૃષભ:	કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન:	વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક :	મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકો. તકનો લાભ ઉઠાવજો.
સિંહ:	લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.
કન્યા:	વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામકરવાની વૃતિ ટાળવી.
તુલા :	યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક :	સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.
ધન :	મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.
મકર :	અચાનક પ્રવાસ થાય. મહામહેનતો કાર્યોમાં સફળતા મળે.
કુંભ :	કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
મીન :	આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.

ગતિશીલ ગુજરાતના યાત્રાધામો બન્યા વધુ સુવિધાયુક્ત, પ્રવાસીઓની સંખ્યા વધી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૩

ગુજરાતના પ્રવાસન વિભાગે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના ભારતના વડાપ્રધાનનરેન્દ્ર મોદીનાનેતૃત્વ હેઠળ પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે અનેકવિધ પગલાં લીધા છે. છેલ્લા ૨૦વર્ષોમાં પ્રવાસનક્ષેત્રે ગુજરાતે કાઠું કાઢ્યું છે. કેવડિયામાં સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને નિહાળવા માટે વિશ્વભરમાંથી લોકો આવે છે. સાથે જ કચ્છમાં યોજાતો રણોત્સવ, વાયબ્રન્ટ ગુજરાત, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, ગિર-અભયારણ્ય વગેરે જેવા પ્રવાસન આકર્ષણો અનેક પ્રવાસીઓને ગુજરાત ખેંચી લાવે છે. ગુજરાત સરકાર હવે રાજ્યના યાત્રાધામોમાં પ્રવાસી સુવિધાઓ વિકસિત કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં છેલ્લા એક વર્ષમાં યાત્રાધામોના વિકાસ માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે. સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ, ચોટીલા, બહુચરાજી મંદિર સહિતનાં યાત્રાધામના સ્થળોએ સુવિધાઓ વિકસાવામાં આવી છે.

અંબાજી ખાતે એક જ સ્થળે ૫૧ શક્તિપીઠની પરિક્રમા

ગુજરાતના વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. અંબાજી ખાતે રાજ્ય સરકાર, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ઉપક્રમે૫૧ શક્તિપીઠ પરિક્રમાનું આયોજન કરવામાં આવ્યું છે. આદ્યશક્તિ ધામના દર્શને આવનારા લાખો શ્રદ્ધાળુઓને હવે એક જ સ્થળે એક સાથે તમામ ૫૧ શક્તિપીઠના દર્શનનો લાભ મળતો થયો છે. આ સાથે જ ગબ્બર ખાતે રૂા.૧૩.૩૫ કરોડના ખર્ચે લાઈટ એન્ડ સાઉન્ડ શોનો પ્રારંભકરવામાં આવ્યોછે, તેમજ સાંસ્કૃતિક વિલેજનું પણ નિર્માણ કરાયું છે. આ ઉપરાંત, અંબાજી મંદિરની અદ્યતન વેબસાઈટ તેમજ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિકસાવાયેલી મોબાઈલ એપ પણ લોન્ચ કરવામાં આવી છે.

પાવાગઢ ખાતે મા કાલિકાના મંદિર ઉપર ૫૦૦ વર્ષ બાદ ધ્વજારોહણ

પાવાગઢ ખાતે કાલિકા માતાના નવનિર્મિત મંદિરના સુવર્ણ શિખર ઉપર ધ્વજારોહણ કરવામાં આવ્યું છે. પાંચ શતાબ્દી પછી મહાકાળીના શિખર ઉપર ધજા ચઢી છે. આ કાયાકલ્પ ભક્તો માટે સૌથી મોટી ભેટ છે. વિકાસકાર્યોમાં ખાસ વાત એ છે કે, મહાકાળી મંદિરને ભવ્યસ્વરૂપ આપવામાં આવ્યું છે, પણ ગર્ભગૃહનું મૂળ સ્વરૂપ એવું જ રખાયુ છે. આ સાથે જ પાવાગઢ ધામમાં આવતા શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો થાય તે માટે રાજ્ય સરકારે રૂા.૧૨૧ કરોડના ખર્ચે મંદિર પરિસરનો વિસ્તાર કર્યો છે. તળેટીના માચી વિસ્તારમાં યાત્રિકોને પાયાની સગવડો આપવારૂપિયા ૩૭ કરોડના ખર્ચે વિકાસ કામો થઈ રહ્યા છે.

તારંગા હિલથી અંબાજી સુધી નવી રેલવે લાઇનને મંજૂરી

પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટ દ્વારા દેશના રેલવે તેમજ રોડવેના માળખાને એક સુસંગત રીતે જોડીને વિકાસની નવી યાત્રા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરી છે. તેના ભાગરૂપે વડાપ્રધાનના વડપણ હેઠળ ૧૩ જુલાઈ, ૨૦૨૨ના રોજ કેબિનેટ દ્વારા તારંગા હિલથી અંબાજી અને અંબાજીથી આબુ રોડ સુધીની ૧૧૬.૬૫ કિમી નવી રેલવે લાઈનને મંજૂરી આપવામાં આવી. રૂા.૨૭૯૮.૧૬ કરોડના ખર્ચે તારંગાહિલ્સથી આબુ સુધી રેલવે લાઈન સ્થાપિત કરવાને કેબિનેટે મંજૂરી આપ્યા બાદ રાજ્ય સરકાર તેમજ રેલવે વિભાગે કામગીરી શરૂ કરી દીધી છે. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંતર્ગત અંબાજી રેલવે સ્ટેશનને શક્તિપીઠની થીમ ઉપર વિકસિત કરવામાં આવશે અને પાંચ માળ સુધી બજેટ હોટલ માટે જગ્યા ફાળવવામાં આવશે. આ પ્રોજેક્ટને આગામી પાંચ વર્ષમાં પૂર્ણ કરી દેવામાં આવશે. ૬ રિવર કોસીંગધરાવતી તારંગાથી આબુ સુધીની ૧૧૬.૬૫૪ કિમીની રેલવે લાઈનની કામગીરી ચાર તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે જે ૬૦ ગામડાઓમાંથી પસાર થશે. આ રેલવે લાઈનના નિર્માણથી ગુજરાતના ત્રણ જિલ્લાના ૧૦૪ ગામડાઓને ફાયદો થશે.

કોરોના કાળમાં રાજ્ય સરકારે ગુજરાતની લગભગ ૮૦% જનતાને આપ્યું કોવિડ વેક્સિનેશનનું સુરક્ષા કવચ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે ગત ૧ વર્ષમાં કોવિડ વેક્સિનેશન ડ્રાઈવ અસરકારક રીતે લાગુ કરવામાં સફળ રહી છે. ગુજરાતના દરેક નાગરિકને કોરોના વાયરસની સામે સુરક્ષા કવચ પ્રદાન કરવાના ઉદ્દેશથી છેલ્લા ૧૨ મહિનાઓમાં રાજ્ય સરકારે એ સુનિશ્ચિત કર્યું છે કે, ભારત સરકારના દિશા-નિર્દેશો અનુસાર રાજ્યના દરેક પાત્ર નાગરિકને કોવિડ વેક્સિન ઉપલબ્ધ થાય. આ માટે રાજ્ય સરકારે સંસ્થા કીય વ્યવસ્થાઓને વધુ બહેતર બનાવવાની સાથે સાથે જનતા સુધી વેક્સિનની પહોંચને પણ સરળ બનાવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારત કોવિડ-૧૯ માટે વિશ્વની સૌથી મોટી રસીકરણ અભિયાનમાં સફળ રહ્યું છે. આ રસીઓ 'આત્મનિર્ભર ભારત' તરફ દેશને આગળ લઈ જવા મહત્વપૂર્ણ છે કારણ કે, તે ભારતમાં જ ઉત્પન્ન થાય છે. ઉલ્લેખનીય છે કે, પ્રત્યેક એક લાખ લાભાર્થીઓને વેક્સિનના ડોઝ ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાંનું એક છે અને સાથે જ રાજ્યમાં ૧૮ વર્ષની ઉંમરના ૧૦૦ ટકા લોકોને વેક્સિનનો પહેલો તેમજ બીજો ડોઝ આપી દેવામાં આવ્યો છે.

ભૂપેન્દ્ર પટેલે કોરોનાના કારણે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ કરી રદ

કોરોનાના કેસીસમાં સતત વધારો થવાને કારણે અને નાગરિકોના આરોગ્યને પ્રાથમિકતા આપીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી કાર્યક્રમ વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૨ને રદ કરવાનો બોલ્ડ નિર્ણય કર્યો હતો. તેમના આ નિર્ણય માટે રાજ્યની જનતા તરફથી પણ ભૂપેન્દ્ર પટેલને સમર્થન મળ્યું હતું અને એક્સપર્ટ્સે પણ આ નિર્ણય માટે રાજ્ય સરકારની પ્રશંસા કરી હતી.

૧૧ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં ગુજરાતને મળ્યા ૧૨.૪૩ કરોડથી વધુ વેક્સિનના ડોઝ

હાલમાં રાજ્યમાં ૧૨,૦૦૦થી વધુ પ્રશિક્ષિત વેક્સિનેટર્સ ઉપલબ્ધ છે. ૧૧ સપ્ટેમ્બરના આંકડા પ્રમાણે, ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૨.૪૯ કરોડથી વધુ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે, જેમાં ૧૮ વર્ષથી વધુની ઉંમરના વર્ગમાં ૪.૯૨ કરોડથી વધુ લોકોને પહેલો ડોઝ, ૪.૯૩ કરોડથી વધુ લોકોને બીજો ડોઝ, ૧૫-૧૭ વર્ષની ઉંમરના વર્ગમાં ૩૧ લાખથી વધુ લોકોને પ્રથમ ડોઝ, ૨૮ લાખથી વધુ લોકોને બીજો ડોઝ, ૧૨-૧૪ વર્ષની ઉંમરના વર્ગમાં ૧૯ લાખથી વધુ લોકોને પહેલો ડોઝ, ૧૬.૦૮ લાખથી વધુ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. આ જ રીતે પ્રિકોશન ડોઝની વાત કરીએ તો ૬૦ વર્ષથી વધુ ઉંરના લોકોમાં ૫૬ લાખથી વધુ લોકોને પ્રિકોશન ડોઝ આપવામાં આવ્યો છે, જ્યારે ૧૮-૫૭ વર્ષના ઉંમરના વર્ગમાં ૧.૧૧ કરોડથી વધુ લોકોને પ્રિકોશન ડોઝ આપવામાં આવ્યો છે.

વેક્સિનના વ્યાપક કવરેજ માટે લેવામાં આવ્યા મહત્વપૂર્ણ પગલાંઓ

ગુજરાતના પ્રત્યેક નાગરિકોને કોવિડ સામે સુરક્ષા કવચ પ્રદાન કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે અનેક મહત્વપૂર્ણ પગલાંઓ લીધાં છે. ઉદાહરણ તરીકે, રાજ્ય સરકારે 'હર ઘર દસ્તક ફેઝ ૨.૦' લાગુ કર્યો, જેના હેઠળ વેક્સિનનો બીજો ડોઝ, પ્રિકોશન ડોઝ અને ૧૨-૧૭ વર્ષના એજ ગ્રુપમાં વેક્સિન આપવામાં આવી છે. આ જ રીતે, ૧૨-૧૭ વર્ષના મહત્તમ લાભાર્થીઓને કવર કરવા માટે સ્કૂલમાં વિશેષ શિબિરો આયોજિત કરવામાં આવી. રવિવાર તેમજ અન્ય સાર્વજનિક રજાઓના દિવસે વેપારીઓ, દુકાનદારો તેમજ જાહેરાતો સાથે સંકળાયેલા પાત્ર લાભાર્થીઓના રસીકરણ માટે વિશેષ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું. આ ઉપરાંત, વૃદ્ધો અને વિકલાંગ લાભાર્થીઓની સુરક્ષા અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને 'નિયર ટુ હોમ' (ઘરની નજીક) રણનીતિ દ્વારા પ્રાથમિકતાના આધારે કોવિડ રસીકરણ ઉપર ભાર મૂકવામાં આવ્યો.

ટ્રાન્સજેન્ડર સમુદાયના વેક્સિનેશન માટે વિશેષ શિબિરોનું આયોજન

ગુજરાતમાં ટ્રાન્સજેન્ડર સમુદાયના પ્રત્યેક નાગરિકોને કોવિડ વેક્સિન આપવા માટે રાજ્ય સરકારે વિશેષ શિબિરોનું આયોજન કર્યું. ઉલ્લેખનીય છે કે, ૭સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં રાજ્યના ટ્રાન્સજેન્ડર સમુદાયને ૨૨,૪૮૩ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે.

સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત રાજ્યના ૧૩ હજારથી વધુ ખેડૂતના પેમેન્ટ ઓર્ડર ઈસ્યૂ કરાયા

ખેડૂતોને સ્માર્ટ ફોનની ખરીદ કિંમતના ૪૦ ટકા અથવા રૂા.૬,૦૦૦ સુધીની સહાય અપવાની યોજના અમલી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૩

રાજ્યનાં ખેડૂતોને ખેતી સંબંધિત માહિતી મળી રહે તથા ખેતીવાડી ખાતાની વિવિધ સહાયકારી યોજનાઓમાં લાભ મેળવવા માટે ઘરે બેઠા સરળતાથી ઓનલાઈન અરજી કરી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા સૌપ્રથમ વર્ષ ૨૦૨૧-૨૨માં રાજયનાં ખેડૂત દ્વારા ખરીદવામાં આવતાં સ્માર્ટફોન ઉપર સહાય આપવા અંગેની યોજના અમલી બનાવી હતી. ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્ય સરકાર દ્વારા આ યોજના હેઠળ રૂા.૧ હજાર લાખની જોગવાઈ કરાઈ છે. આ સહાયનો લાભ મેળવવા રાજયભરમાંથી ૩૩,૦૭૯ ખેડૂતો દ્વારા આઈ ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવામાં આવી છે. જે પૈકી ૧૩,૦૭૪ના પેમેંટ ઓર્ડર ઈસ્યૂ કરીને સહાયની ચૂકવણી કરવામાં આવી રહી છે. જ્યારે ગત વર્ષ ૨૦૨૧-૨૨માં આ માટે રૂા.૧૫૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી. જે અંતર્ગત માર્ચ-૨૦૨૨ સુધીમાં ૧૬,૧૦૪ ખેડૂતોને રૂા.૯૨૧.૧૮ લાખની સહાય ચૂકવી દેવામાં આવી છે તેમ કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે, કૃષિક્ષેત્રે ડિજિટલ સેવાનો વ્યાપ દિવસેને દિવસે વધી રહ્યો છે. કૃષિક્ષેત્રે ડગલેને પગલે ખેડૂતો આઈ.ટી. ટેકનોલોજીના ઉપયોગ થકી નવી ખેત ઉપયોગી અદ્યતન તકનીકો અપનાવી પોતાની આવકમાં વધારો મેળવતા થયા છે. જેમાં ખેડૂતો દ્વારા હવામાન ખાતાની આગાહી, વરસાદની આગાહી, સંભવિત રોગ જીવાત ઉપગ્રહની માહિતી, ખેડૂત ઉપયોગી પ્રકાશનો, નવીનતમ ખેત પદ્ધતિ, રોગ-જીવાત નિયંત્રણની તકનીકી, ખેતીવાડી ખાતાની સહાય યોજનાઓની માહિતી મેળવવા તથા ખેતીવાડી ખાતાની યોજનાઓમાં સહાય મેળવવા ઓનલાઈન અરજી કરવા વગેરે જેવી બાબતો માટે ખેડૂતો દ્વારા બહોળા પ્રમાણમાં સ્માર્ટફોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં સ્માર્ટફોનની ખરીદી માટે સ્માર્ટ ફોન ઉપર સહાય યોજના અમલી બનાવી છે. આ યોજના અંતર્ગત ખેડૂતોને સ્માર્ટફોનની ખરીદ કિંમતના ૪૦ ટકા અથવા રૂા.૬૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે મુજબ સહાયનું ધોરણ મંજુર કરવામાં આવે છે. જેનો લાભ મેળવવા ખેડૂતોએ આઈ-ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવાની રહે છે તેમ યાદીમાં વધુ જણાવવામાં આવ્યું છે.

રાજ્યમાં પશુઓને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ નિરંતર મળે તે માટે સરકાર કટિબદ્ધ : કૃષિ મંત્રી રાઘવજી પટેલ

રાજ્યમાં સામાન્ય, આદિજાતિ અને અનુસુચિત જાતિ વિસ્તારમાં અનુક્રમે ૨૦, ૧૦ અને ૧૦ એમ કુલ ૪૦ નવા સ્થાયી પશુ દવાખાનાની સ્થાપના કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૩

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે રાજ્યમાં પશુઓને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ નિરંતર મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે તેમ જણાવતાં કહ્યું કે, રાજ્યમાં સામાન્ય, આદિજાતિ અને અનુસુચિત જાતિ વિસ્તારમાં અનુક્રમે ૨૦, ૧૦ અને ૧૦ એમ કુલ ૪૦ નવા સ્થાયી પશુ દવાખાનાની સ્થાપના કરાશે. જેમાં પશુચિકિત્સા અધિકારી તેમજ એટેન્ડેન્ટ અને પટાવાળાની જગ્યાઓ પણ મંજુર કરવામાં આવી છે. મંત્રીએ ઉમેર્યું કે, રાજ્યમાં પશુપાલનને ખેતીના પૂરક વ્યવસાય તરીકે નહિ પરંતુ એક આગવા વ્યવસાય તરીકે અપનાવવામાં આવ્યો છે. તેને કારણે પશુપાલકો પરંપરાગત પશુપાલનને બદલે સારી ઓલાદના અને વધુ દૂધ ઉત્પાદન આપતા પશુઓ રાખીને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરતા થયા છે. આ સંજોગોમાં રાજ્યના પશુપાલકોના પશુઓને ગુણવત્તાસભર પશુઆરોગ્ય સેવાઓ નિરંતર મળતી રહે તે અતિ આવશ્યક છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૨૪૦ લાખની બજેટ જોગવાઈ સાથે સમગ્ર રાજ્યમાં વધુ ૪૦ નવા સ્થાયી પશુદવાખાનાની સ્થાપના કરવા મંજુરી આપી છે. મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, હાલ રાજ્યમાં ૭૦૨ પશુ દવાખાના અને ૩૪ વેટરીનરી પોલીક્લિનીક એમ કુલ ૭૩૬ સ્થાયી પશુસારવાર સંસ્થા કાર્યરત છે. આ ઉપરાંત રાજ્ય સરકાર સંચાલિત ૪૫ અને GVK-EMRI મારફતે પી.પી.પી. ધોરણે કાર્યરત ૪૬૦ ફરતાં પશુ દવાખાનાની સેવાઓ પણ ઉપલબ્ધ છે. તેમાં આ નવા ૪૦ સ્થાયી પશુદવાખાનાનો ઉમેરો થતાં રાજ્યના પશુપાલકોને પોતાના નજીકના સ્થળે પશુ સારવાર અને સંલગ્ન તમામ સેવાઓ મળી રહેશે.

જલારામ ભક્તિધામ ખાતે સાહસવીર પદયાત્રીનું સન્માન કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢથી મુંબઈ લાલબાગ ચા રાજા (ગણપતિ બાપ્પા)નાદર્શનકરવા પગપાળા યાત્રા પૂર્ણ કરીને પરત આવેલા સમીરભાઈ દતાણીનું જૂનાગઢના જલારામ ભક્તિધામ ખાતે શાનદાર સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પી.બી. ઉનડકટે સમીરભાઈની કોરોના કાળ દરમ્યાનની કઠિન માનવ સેવા અને અન્ય સમાજ સેવાને બિરદાવી હતી. વિરબાઈમા મહિલા મંડળના બહેનોએ મોમેન્ટો અર્પણ કરીને સન્માનિત કર્યા હતા.

જૂનાગઢ : પ્રજાપતિ સમાજનું ગૌરવ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ વરિયા વૈષ્ણવ પ્રજાપતિ સમાજ દ્વારા ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સરસ્વતી સન્માન સમારંભ યોજવામાં આવેલ. કાર્યક્રમમાં તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. એકલવ્ય પબ્લિક સ્કૂલમાં ધોરણ-૨ માં અભ્યાસ કરતા જયદેવ નીરવભાઈ વસવેલિયાએ દરેક વિષયમાં 'એ' ગ્રેડ સાથે ૯૩% માર્કસ મેળવતા સમાજ દ્વારા તેમને ઈનામ અને સન્માન પત્ર એનાયત થયેલ. આ સિદ્ધિ

મેળવી જયદેવએ સમગ્રપ્રજાપતિ સમાજનું ગૌરવ વધારેલ છે. તેમની આ સિદ્ધિ બદલ સમારંભના અધ્યક્ષ નટુભાઈ વસવેલિયા અને સમાજ શ્રેષ્ઠી વિનયભાઈ વસવેલિયાએ અભિનંદન અને ઉત્તરોતર પ્રગતિ કરે એવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

ભારતે ચોખાની નિકાસ અટકાવી, ખાદ્ય ફુગાવો વધી શકે છે

નવી દિલ્હી તા.૧૩

ઘરેલું સપ્લાય ઘટતા અને ભાવ બેકાબૂ બનતા સરકારે ચોખાની અમુક જાત ઉપર નિકાસ જકાત લાદી હતી પરંતુ સરકારે આ ખાદ્યાન્ના સંકટને ટાળવા માટે હવે ટુકડા ચોખાની નિકાસ ઉપર પ્રતિબંધ લાદ્યો છે. જો કે, તેનાથી ખાદ્ય વસ્તુઓના ભાવમાં વધારો થઈ શકે છે. બિન-બાસમતી ચોખાની નિકાસ ઉપર ૨૦ ટકા કસ્ટમ ડ્યુટી લાદ્યા પછી સરકારે સ્થાનિક સપ્લાય સુધારવાના હેતુથી ટુકડા ચોખાની નિકાસ ઉપર પ્રતિબંધ મૂક્યો છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT)એ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ એક આદેશમાં જણાવ્યું હતું કે, ટુકડા ચોખાની નિકાસની શ્રેણીને 'ફ્રી'થી 'પ્રતિબંધિત' કરવામાં આવી છે. આ સૂચના ૯ સપ્ટેમ્બર, ૨૦૨૨થી લાગુ થશે. ટ્રાન્સફર પોલિસીના સંબંધમાં ફોરેન ટ્રેડ પોલિસી ૨૦૧૫-૨૦૨૦ હેઠળની જોગવાઈઓ ઉપર આ આદેશ લાગુ પડશે નહીં. ઉપરાંત ૯થી ૧૫ સપ્ટેમ્બરના સમયગાળા દરમ્યાન ટુકડા ચોખાના અમુક ચોક્કસ કન્સાઈનમેન્ટને નિકાસ કરવાની મંજૂરી આપવામાં આવશે. સર્ક્યુલર અનુસાર આ સમયગાળા દરમ્યાન ફક્ત તે માલસામાનને નિકાસ માટે મંજૂરી આપવામાં આવશે જેમની શિપમેન્ટ આ આદેશ પહેલા જહાજો ઉપર લોડ થઈ છે. સરકારે તાજેતરમાં ઉસના ચોખા સિવાય તમામ નોન-બાસમતી ચોખા પર ૨૦ ટકા નિકાસ જકાત લાદી હતી. વર્તમાન ખરીફ સિઝનમાં ડાંગરના પાક હેઠળના વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ સ્થિતિમાં ઘરેલું પુરવઠો વધારવા માટે સરકારે નિકાસને કાબૂમાં લેવાનો નિર્ણય કર્યો છે. રેવન્યુ ડિપાર્ટમેન્ટ દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ ચોખા અને બ્રાઉન રાઈસ ઉપર ૨૦ટકા નિકાસ ડ્યૂટી લાદવામાં આવી છે. આ નિકાસ ડ્યુટી ૯ સપ્ટેમ્બરથી લાગુ થશે. દેશના કેટલાક રાજ્યોમાં ઓછા વરસાદને કારણે ડાંગરના વાવેતરમાં ઘટાડો થયો છે. ચીન પછી ભારત ચોખાનું સૌથી મોટું ઉત્પાદક છે. ચોખાના વૈશ્વિક વેપારમાં ભારતનો હિસ્સો ૪૦ ટકા છે. ૨૦૨૧માં ખરીફ સિઝનમાં ભારતમાં લગભગ ૧૧૧ મેટ્રિક ટન ચોખાનું ઉત્પાદન કર્યું હતું. સેન્ટ્રલ પૂલમાં ૧૬ ઓગસ્ટના રોજ ચોખાનો સ્ટોક લગભગ ૨૬.૩ મેટ્રિક ટન હતો. ભારતે ૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષમાં ૨.૧૨ કરોડ ટન ચોખાની નિકાસ કરી હતી, તેમાં ૩૯.૪ લાખ ટન બાસમતી ચોખા હતા. સત્તાવાર માહિતી અનુસાર આ સમયગાળા દરમ્યાન નોન-બાસમતી ચોખાની નિકાસ ૬.૧૧ અબજ ડોલરની રહી હતી. ભારતે ૨૦૨૧-૨૨ દરમ્યાન વિશ્વના ૧૫૦થી વધુ દેશોમાં બિન-બાસમતી ચોખાની નિકાસ કરી હતી. હવે તેના દ્વારા નિકાસ બંધ કરવામાં આવતા ભાવમાં વધારો થઈ શકે છે તે ચોક્કસ છે.

શિક્ષણ બંધ ન કરી શકાય : બોમ્બે હાઈકોર્ટે સગીરા ઉપર દુષ્કર્મ કરનારા જુવેનાઈલ આરોપીના જામીન મંજૂર કર્યા

(એજન્સી) તા.૧૩

પુર્નઃવસનના પ્રયાસોમાં હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે એવી નોંધ કરીને બે વર્ષ પૂર્વે સામૂહિક દુષ્કર્મના કેસમાં સગીર વયમાં પકડવામાં આવેલા હવે ૧૮ વર્ષના કિશોરને મુંબઈ હાઈકોર્ટે જામીન આપ્યા છે. જસ્ટિસ ભારતી ડાંગરેની સિંગલ બેન્ચે ૨૨ ઓગસ્ટે બાળક તેના પરિવાર સાથે તેનો ફરીથી મેળાપ કરી અપાય તો તે પોતાની સંપૂર્ણ સંભાવનામાં પોતાને વિકસાવી શકે છે, એવી નોંધ હાઈકોર્ટે તેને છોડવાનો આદેશ આપતાં કરી હતી. અરજદારે સુધારગૃહમાં તેના મુકામ દરમ્યાન પુર્નઃવસનના પ્રયાસોમાં હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે, તે તેના પરિવાર સાથે ફરી મેળાપ અને પુર્નઃ સ્થાપિત કરાવવા માટે હકદાર છે અને તે તેના શ્રેષ્ઠ હિતમાં છે, જેથી તે સંપૂર્ણ સંભાવના સાથે પોતાને વિકસિત કરી શકે, એમ જસ્ટિસ ડાંગરેએ જણાવ્યું હતું. અરજદારે જામીન અરજીમાં દાવો કર્યો હતો કે સુધારગૃહમાં લાંબા મુકામને લીધે તેના જીવનમાં અવરોધ પેદા થયો છે અને જો યોગ્ય પ્રકારની તક, માર્ગદર્શન અને આધાર મળે તો તેમાં સારી સંભાવના છે. હાઈકોર્ટે આદેશમાં જણાવ્યું કે આરોપી કે તેના પરિવાર દ્વારા પીડિતને કોઈ જોખમ સ્થાપિત નહીં થઈ શકે. જસ્ટિસ ડાંગરેએ જણાવ્યું કે, અરજદાર કથિત ગુનો આચરવા પૂર્વે ભોગવતો હતો તે જ સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક દરજ્જો પુર્નઃ સ્થાપિત કરવાના સિદ્ધાંતને લાગુ કરીને જામીન ઉપર છોડવા માટે હકદાર છે. અરજદાર સામનો કરી રહ્યો છે તે આરોપો નિર્વિવાદ રીતે ગંભીર છે, પરંતુ બાળક હોવાના લાભથી તેને વંચિત નહીં રાખી શકાય અને તેથી જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને રક્ષણ) ધારાનો લાભ તેને નકારી શકાય નહીં, એવી નોંધ કોર્ટે કરી હતી.

ભારતના ૧% ધનિકો પાસે દેશની ૨૧% સંપત્તિ છે : UN રિપોર્ટ

નવી દિલ્હી,તા.૧૩

યુએનડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી)એ ૮ સપ્ટેમ્બરના રોજ માનવ વિકાસના વિવિધ સૂચકાંકો પર એક ગંભીર અહેવાલ બહાર પાડ્યો છે. આ અહેવાલ, જે તમામ દેશો માટે માનવ વિકાસ સૂચકાંક (એચડીઆઈ)નું વર્ણન કરે છે, તેમાં જણાવ્યું છે કે કોવિડ-૧૯એ દાયકાઓની પ્રગતિને રોકી દીધી છે. જ્યારે સમગ્ર વિશ્વમાં ઘણા સૂચકાંકોના મૂલ્યોમાં ઘટાડો થયો છે, ત્યારે ભારતે પણ એક રેન્ક ઘટાડીને **HDI** દ્વારા ઓર્ડર કરાયેલા દેશોની યાદીમાં #132માં સ્થાન મેળવ્યું છે. ૩૨ વર્ષમાં પ્રથમ વખત (એટલે કે **UNDP HDI** પ્રકાશિત કરી રહ્યું છે ત્યારથી) સતત બે વર્ષથી વિશ્વભરમાં **HDI**નું મૂલ્ય ઘટ્યું છે. **HDI** દેશના આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણનું માપ આપે છે. માનવ વિકાસ તેના ૨૦૧૬ના સ્તરે આવી ગયો છે, જેના લીધે વિકાસ લક્ષ્યો તરફની મોટાભાગની પ્રગતિ રોકાઈ ગઈ છે. ૨૦૨૦ અથવા ૨૦૨૧માં વિશ્વના ૯૦% દેશોના **HDI**માં ઘટાડો થયો છે. જો કે, આ ઘટાડો લગભગ સમાન નથી. ૨૦૨૦ અને ૨૦૨૧ બંનેમાં ૪૦% દેશોના **HDI**માં ઘટાડો થયો છે. આ સંકટ હજુ પણ ઘણા લોકો માટે ગહન થઈ રહ્યું હોવાનો સંકેત આપે છે. લેટિન અમેરિકા, કેરેબિયન, સબસહારન આફ્રિકા અને દક્ષિણ એશિયાના દેશો ખાસ કરીને પ્રભાવિત થયા છે. અહીં ભારતની દ્રષ્ટિએ આઠ મહત્વપૂર્ણ સૂચિ છે.

૧. મધ્યમ **HDI** - ભારતનો **HDI** સ્કોર ૦.૬૩૩ છે. મહત્તમ સ્કોર ૧ છે અને ન્યૂનતમ ૦ છે. **HDI**ની ગણતરી ત્રણ પરિમાણોમાં ૧૨ સૂચકાંકોના ભૌમિતિક સરેરાશ તરીકે કરવામાં આવે છે: લાંબું અને સ્વસ્થ જીવન", જ્ઞાન અને "જીવનનું ધોરણ." સળંગ બે વર્ષથી ભારતનો **HDI** સ્કોર ઘટ્યો છે, જો કે તે હજુ પણ દક્ષિણપૂર્વ એશિયા અને આફ્રિકાના મોટા ભાગની સાથે તે "મધ્યમ **HDI**" જૂથમાં છે. જોકે, ભારત બાંગ્લાદેશ, ઈરાક અને બ્રાઝિલથી પણ પાછળ છે.

૨. ગરીબી – આ અહેવાલમાં "બહુપરિમાણીય ગરીબી સૂચકાંક" (એમપીઆઈ)ની પણ ચર્ચા કરવામાં આવી છે, જે લોકો કેવી રીતે ગરીબીનો અનુભવ કરે છે તે સમજવાનો પ્રયાસ કરે છે. તે આરોગ્ય, શિક્ષણ અને શાળાના ૧૨ સૂચકાંકો માટે જવાબદાર છે. ભારતના એક ક્વાર્ટર કરતા થોડા વધુ લોકો (૨૭.૯%) બહુપરીમાણીય ગરીબીમાં જીવે છે, આ રિપોર્ટમાં તારણ કાઢ્યું છે કે જ્યારે ૨૨% લોકો રોજના રૂા.૧૬૦ કરતા ઓછી કમાણી સાથે જીવે છે. તેમાં ભારતનો **MPI** સ્કોર ૦.૧૨૩ છે.

૩. સંપત્તિની અસમાનતા – ભારતમાં લોકો બહુપરીમાણીય ગરીબીનો અનુભવ કરી રહ્યા છે - જે જીવનના દરેક પાસાને અસર કરે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારતના સૌથી ધનિક ૧% લોકો દેશની ૨૧.૭% સંપત્તિ ઉપર નિયંત્રણ કરે છે - જ્યારે દેશની ૪૦% વસ્તી માત્ર ૧૫.૮% સંપત્તિ ઉપર નિયંત્રણ કરે છે.

૪. લિંગ-આધારિત અસમાનતા - ભારતમાં, ૨૦૨૧માં લિંગ અસમાનતા સૂચકાંક (**GII**) ૦.૪૯૦ હતો; ૨૦૨૦માં ૦.૪૯૩; અને ૨૦૧૯માં ૦.૪૮૬ હતો. **GII**માં ત્રણ પરિબળોનો સમાવેશ થાય છે: પ્રજનન સ્વાસ્થ્ય, સશક્તિકરણ અને શ્રમ બજારમાં ભાગીદારી ઘાના અને માર્શલ ટાપુઓ વચ્ચે ભારત આ શ્રેણીમાં ૧૩૨માં ક્રમે છે.

નોંધ: ભારતમાં સંસદની ૧૩.૪% બેઠકો પર મહિલાઓ છે જ્યારે શ્રમ બજારમાં તેમની ભાગીદારી ૧૯.૨% છે.

૫. પુરૂષોની સ્થિતિ મહિલાઓ કરતાં સારી છે - જાતિ વિકાસ સૂચકાંક (**GDI**) સ્ત્રીઓ (૬.૩) અને પુરુષો (૭.૨)ના શાળાકીય શિક્ષણના વર્ષોની સરેરાશ સંખ્યા ઉપર આધારિત છે, સ્ત્રીઓની માથાદીઠ કુલ રાષ્ટ્રીય આવક (**$2,277** ડોલર) અને પુરુષો (**$10,633**) ડૉલર) અને સ્ત્રીઓ (૬૫.૮ વર્ષ) અને પુરૂષો (૬૮.૯ વર્ષ)નું આયુષ્યર ધરાવે છે. એકંદરે, ભારતની મહિલાઓ માટે એચડીઆઈ સ્કોર ૦.૫૬૭ અને પુરુષો માટે તે ૦.૬૬૮ છે.

૬. પૃથ્વી પર પર્યાવરણ - સમાયોજિત **HDI (PHDI)**એ માનવ વિકાસનું સ્તર છે જે વ્યક્તિ દીઠ કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જન અને માથાદીઠ સામગ્રીના પદચિહ્ન દ્વારા સમાયોજિત થાય છે. આદર્શ રીતે, જ્યારે પૃથ્વી ઉપર કોઈ ઉત્સર્જન ન હોય, ત્યારે **PHDI** એ **HDI**ની બરાબર થાય છે; જેમ જેમ ઉત્સર્જન વધે છે તેમ, **PHDI** એ **HDI** કરતા નીચે આવે છે. ભારતનું **PHDI** ૦.૬૦૯ હતું જે તેના **HDI** સ્કોર કરતાં માત્ર ૩% ઓછું છે. આ તફાવત યુકે માટે સૌથી વધુ હતો જે ૧૨% છે.

૭. પહેલ - અહેવાલમાં વિવિધતા, સમાવેશ માટે "ભદ્ર શાળાઓ"માં ગરીબો માટે ૨૦%બેઠકો અનામત રાખવાની દિલ્હી સરકારની નીતિને વખાણવામાં આવી છે. આ રિપોર્ટમાં બેંગલુરૂમાં સામુદાયિક પહેલની પણ પ્રશંસા કરવામાં આવી છે, જ્યાં ૧,૨૦૦ ઘરો કચરાના વ્યવસ્થાપન માટે એકસાથે કામ કરી રહ્યા છે. અંતે, અહેવાલ સાર્વત્રિક મૂળભૂત આવકના વિચારની પ્રશંસા કરે છે - હાલમાં કેટલાક રાજ્યોમાં તે એક પાઈલોટ પ્રોજેક્ટ છે પરંતુ તે કર આધારિત હોવા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

૮. ધ્રુવીકરણ - વિશ્વભરમાં વધતા ધ્રુવીકરણ અંગેની ચર્ચામાં આ અહેવાલમાં ભારતનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, પરંતુ તે કોઈ રહસ્ય નથી કે ભારત એક અત્યંત ધ્રુવીકરણ સમાજ બની ગયો છે. ધ્રુવીકરણ મોટી સંખ્યામાં લોકો, તેમની રાજકીય પ્રણાલીઓથી નિરાશ થઈને તેનાથી વિમુખ થઈને માનવ વિકાસને પ્રતિકૂળ અસર કરે છે.

'ભારતમાં કોઈ ભવિષ્ય દેખાતું નથી': વધુ ગ્રામીણ ભારતીયો વિદેશ તરફ નજર કરે છે

જ્યારે ૧૯ વર્ષીય સચિન સારી ભારતીય કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી ગ્રેડ મેળવવામાં નિષ્ફળ ગયો, ત્યારે તેના પિતા, એક નાનકડા દુકાનદારે લોન લીધી અને તેને કેનેડિયન વિઝા મેળવવામાં મદદ કરવા માટે કુટુંબની બચતમાં ઊંડે સુધી ખાડો કર્યો. તેમણે ૨૦ લાખ રૂપિયા (**$25,035**) ભેગાં કર્યા અને જેમાં વેસ્ટર્ન ઓવરસીઝ દ્વારા પૂરી પાડવામાં આવેલ અંગ્રેજી ભાષાના ટ્યુશન માટેની ફી આવરી લેવામાં આવી, જે નવી દિલ્હીથી લગભગ ૨૫૦ કિ.મી. દૂર અંબાલામાં ડઝનેક વિઝા કન્સલ્ટન્સીમાંની એક છે, જે વિદેશમાં અભ્યાસ દ્વારા વધુ સારા જીવનનું વચન આપે છે.

"મારૂ સ્વપ્ન વિદેશમાં સ્થાયી થવાનું છે કારણ કે મને ભારતમાં કોઈ ભવિષ્ય દેખાતું નથી," સચિને કહ્યું, જે ફક્ત એક જ નામનો ઉપયોગ કરે છે. તે હવે કેનેડા જવાની યોજના ધરાવે છે જ્યાં તેને બિઝનેસ મેનેજમેન્ટમાં બે વર્ષનો ડિપ્લોમા પૂર્ણ કરવાની આશા છે અને છેવટે લાંબા સમય સુધી વર્ક વિઝા મેળવવાની આશા છે. જ્યારે મધ્યમ-વર્ગના ભારતીયોએ દાયકાઓથી અન્ય દેશોમાં વધુ સારી સંભાવનાઓ શોધી છે, ત્યારે બગડતી આર્થિક સ્થિતિ હવે સચિન જેવા ગરીબ ગ્રામીણ વિસ્તારોના પરિવારોને વિદેશમાં તેમના બાળકો માટે નવું જીવન સ્થાપિત કરવા માટે મોટું રોકાણ કરવા માટે પ્રેરિત કરી રહી છે. સચિન કહે છે કે હવે કેનેડામાં તેના બે મિત્રો ડિપ્લોમાનો અભ્યાસ કરતી વખતે પાર્ટ-ટાઈમ કામ દ્વારા મહિને લગભગ **C$1,200** (**$918**) કમાય છે.

ઘણા દેશોએ હવે કોવિડ પ્રતિબંધો હટાવી લીધા છે, સરકારના જણાવ્યા અનુસાર, યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુકે, આયર્લેન્ડ અને ન્યુઝીલેન્ડ જેવા સ્થળોએ જતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૨૨ની શરૂઆતમાં લગભગ ૧૦ લાખ હતી, જે પૂર્વ રોગચાળાના સ્તરો કરતાં લગભગ બમણી છે. વેસ્ટર્ન ઓવરસીઝ જેવી કન્સલ્ટન્સી અંગ્રેજી ભાષાના પ્રાવીણ્ય પરીક્ષણો, અભ્યાસક્રમની પસંદગી માટે સેવાઓ, વિઝા અરજી પ્રક્રિયા, મુસાફરી અને પાર્ટ-ટાઈમ કામ માટે પ્લેસમેન્ટ માટે કોચિંગ પ્રદાન કરે છે. સિડનીમાં, યુનિવર્સિટીઝ ઓસ્ટ્રેલિયાના ચીફ એક્ઝિક્યુટિવ કેટ્રિઓના જેક્સને જણાવ્યું હતું કે ૭૬,૦૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ હવે ઓસ્ટ્રેલિયામાં શિક્ષણ મેળવી રહ્યા છે, જે આ વર્ષે બંને દેશોએ દ્વિપક્ષીય વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા પછી ઝડપી થવાની અપેક્ષા છે. ઘણા લોકો કેનેડા અને ઑસ્ટ્રેલિયામાં ટૂંકા અભ્યાસક્રમો માટે અરજી કરી રહ્યા છે કારણ કે ભારતમાં નોકરીની વધુને વધુ અંધકારમય સંભાવનાઓ અને પશ્ચિમી સરકારો યુનિવર્સિટી અને નોકરીની ખાલી જગ્યાઓ ભરવા માટે ઈમિગ્રેશન આવશ્યકતાઓને ઢીલી કરે છે. વૈશ્વિક આવક અને મધ્યમ-વર્ગની આકાંક્ષાઓમાં વધારો થતાં, કન્સલ્ટન્સી, રેડ સીરના ૨૦૨૧ના અહેવાલ મુજબ, વિદેશી શિક્ષણ બજાર આશરે **$30** બિલિયનથી ૨૦૨૪ સુધીમાં બમણાથી વધુ **$80** બિલિયન થવાનો અંદાજ છે. વિઝા સલાહકારોએ જણાવ્યું હતું કે ખાનગી શિક્ષણની વધતી જતી કિંમત અને ભારતમાં જાહેર ક્ષેત્ર અને ઉત્પાદન ક્ષેત્રે રોજગારની ઘટતી તકોને કારણે હજારો પરિવારોને મિલકતો ગીરો રાખવા અથવા વિદેશી શિક્ષણ માટે બેંક લોન લેવાની ફરજ પડી છે. આ વર્ષે ભારતીય રૂપિયામાં ૭%નો ઘટાડો પણ પરિવારોને ફી ભેગી કરતા અટકાવી શક્યો નથી. આઈડીપી એજ્યુકેશનના દક્ષિણ એશિયાના વડા પીયુષ કુમારે જણાવ્યું હતું કે, "રોકાણ ઉપરનું વળતર ખૂબ જ સારૂ છે."૨ મેલબોર્ન સ્થિત કંપની ભારતીય વિદ્યાર્થીઓને કેનેડા, યુનાઈટેડ સ્ટેટ્સ, યુકે અને ઓસ્ટ્રેલિયા સહિતના અંગ્રેજી બોલતા દેશોમાં મોકલે છે. કંપની આ વર્ષે સમગ્ર ભારતમાં નાના નગરોમાં ૨૭ ઓફિસો ખોલવાની યોજના ધરાવે છે, જે રોગચાળાના બે વર્ષ પછી નોંધણીમાં ૯૦%થી વધુ વધારા દ્વારા પ્રોત્સાહિત થાય છે, એમ તેમણે જણાવ્યું હતું.

ઝળહળતી સંભાવનાઓ

કેટલીક વિદેશી યુનિવર્સિટીઓ અને તેમના સ્થાનિક ભાગીદારો વિદ્યાર્થીઓને આકર્ષવા માટે મોંઘી ફાઈવ-સ્ટાર હોટલોમાં અને નાના શહેરોમાં વર્ચ્યુઅલ સત્રો દ્વારા શિક્ષણ મેળાઓનું આયોજન કરી રહ્યા છે.આવી જ એક ઈવેન્ટમાં, અંબાલાથી લગભગ ૪૦ કિમી દૂર ચંડીગઢની એક લક્ઝરી હોટેલમાં ઓસ્ટ્રેલિયા અને કેનેડાની ૪૦થી વધુ યુનિવર્સિટીઓમાં તકો શોધવા માટે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ તાજેતરમાં એકઠા થયા હતા. નજીકના ડેરા બસ્સી નગરના નાના વેપારી ગગનદીપ સિંહ તેમની પુત્રી સાથે આવ્યા હતા, જેમને કેટલીક ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓ તરફથી ઓફર મળી છે. સિંઘની પુત્રી જશનદીપ કૌરે મહિલાની સલામતી અને કારકિર્દીની સંભાવનાઓને તેના મુખ્ય વિચારણા તરીકે ટાંકીને જણાવ્યું હતું કે, "મેં યુનિવર્સિટી ઓફ કેનબેરામાં પ્રવેશ મેળવ્યો છે, જ્યાંથી મારી બહેને ફાર્મસીમાં માસ્ટર્સ કર્યું છે."

તાજેતરના વર્ષોમાં સારી ઈન્ટરનેટ પહોંચને કારણે વિઝા કન્સલ્ટન્સીને પરંપરાગત જાહેરાતો ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં નવા બજારો સુધી પહોંચવાની મંજૂરી મળી છે. "અમે ફેસબુક અને અન્ય પ્લેટફોર્મ ઉપર અમારી સફળતાની વાર્તાઓ પ્રકાશિત કરીએ છીએ," ભૂપેશ શર્માએ જણાવ્યું હતું કે જેઓ વેસ્ટર્ન ઓવરસીઝના માર્કેટિંગ હેડ છે, જેણે ઉત્તર ભારતના નવ મોટા શહેરોમાં વિસ્તરણ કર્યું છે અને લગભગ એક હજાર વિદ્યાર્થીઓને વિદેશમાં મોકલ્યા છે.તેના સ્થાપક પ્રદીપ બાલિયાને જણાવ્યું હતું કે, "અમે આ વર્ષે લગભગ ૫,૦૦૦ વિદ્યાર્થીઓને વિદેશ મોકલવાનું લક્ષ્ય રાખ્યું છે." તેમણે ઉમેર્યું હતું કે તેઓએ ઓસ્ટ્રેલિયા અને કેનેડામાં જોબ પ્લેસમેન્ટ સેવાઓ ઓફર કરતી શાખાઓ પણ ખોલી છે. શાળામાં ૩૦૦ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓ અને ઉચ્ચ શિક્ષણ મેળવવાની વધતી સંખ્યા સાથે, ભારત તેના યુવાનો માટે કોલેજની પૂરતી જગ્યાઓ અને નોકરીઓ પ્રદાન કરવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. મહિલાઓ માટેની સંભાવનાઓ ખાસ કરીને અંધકારમય છે, જેમાં ભાગીદારીનો દર માત્ર ૨૫% છે, જે મુખ્ય અર્થતંત્રોમાં સૌથી ઓછો છે. જેણે છેલ્લા કેટલાક વર્ષોમાં લાખો પગારદાર નોકરીઓ નાબૂદ કરવા સાથે, ઘણા ભારતીયોને બહાર કાઢી મૂક્યા છે.

ખેંચાણ પરિબળ

ખરેખર, ઘણા પશ્ચિમી રાષ્ટ્રો બે પીડાદાયક રોગચાળાના વર્ષો પછી પ્રવાસ પ્રતિબંધોને કારણે તેમના વિદેશી મજૂરની અર્થવ્યવસ્થા અને સંપૂર્ણ યુનિવર્સિટી ફી ચૂકવનાર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની અછતને કારણે ઝડપથી ફરી ખૂલી શક્યા નથી. ખાસ કરીને, ચીની વિદ્યાર્થીઓની સતત ગેરહાજરી, બેઈજિંગની કડક શૂન્ય-કોવિડ સરહદ નીતિઓ હજુ પણ ચાલુ છે, જેણે ભારતીય વિદ્યાર્થીઓને તેમની ફી માટે વૈશ્વિક શિક્ષણ ક્ષેત્રે વધુ મહત્વપૂર્ણ અને તીવ્ર સ્પર્ધા બનાવી છે. કન્સલ્ટન્સી વિઝડમ ઓવરસીઝના સ્થાપક રાહુલ ઓસ્વાલે જણાવ્યું હતું કે, "કેનેડા તરફ દોડી રહેલા ભારતીય વિદ્યાર્થીઓ માટે કાયમી રહેઠાણ મેળવવાની સરળતા એક મોટું આકર્ષણ બની ગઈ છે." યુકે અને યુનાઈટેડ સ્ટેટ્સની તુલનામાં, કેનેડાના પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ક અને રેસીડેન્સી પ્રોગ્રામ્સ વધુ લચીલા છે, એમ તેમણે ઉમેર્યું. કેનેડિયન યુનિવર્સિટીઓ એમ્પ્લોયર બોર્ડ અને **IDP** જેવી આંતરરાષ્ટ્રીય કન્સલ્ટન્સી સાથે જોડાણ કરી રહી છે જેથી ભારતના અંતરિયાળ વિસ્તારોમાં વિદેશી શિક્ષણની વધતી માંગને પૂરી કરી શકાય.

આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની ભરતી માટે ઓનલાઈન પ્લેટફોર્મ ચલાવતા **ApplyBoard** ખાતે માર્કેટિંગ કોમ્યુનિકેશનના ડિરેક્ટર ડેવિડ ટબ્સે જણાવ્યું હતું કે, "અમે એક તરફ યુનિવર્સિટીઓ સાથે ભાગીદારી કરીએ છીએ અને બીજી તરફ ભારતમાં સ્થાનિક ઈમિગ્રેશન સેવાઓ સાથે જોડાણ કર્યું છે. આ એજન્સીઓ વર્ષમાં લગભગ ૮થી ૧૦ મેળાઓનું આયોજન કરે છે જેમાં વ્યસ્ત સપ્ટેમ્બરના પ્રવેશ માટે એક મોટી કોન્ફરન્સ અને એક મે મહિનામાં યોજાય છે. નવી દિલ્હીમાં તાજેતરની રિક્રુટર્સ વર્કશોપમાં ૧,૧૦૦થી વધુ લોકો જોડાયા હતા. **ApplyBoard** અનુસાર, કેનેડિયન શૈક્ષણિક સંસ્થાઓ યુકે, ઓસ્ટ્રેલિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ કરતાં વધુ સસ્તી છે. ટબ્સે જણાવ્યું કે કેનેડિયન વાર્ષિક આંતરરાષ્ટ્રીય અંડરગ્રેજ્યુએટ ટ્યુશન ખર્ચ સરેરાશ **C$32,019** છે, જ્યારે ગ્રેજ્યુએટ ટ્યુશન ખર્ચ સરેરાશ **C$19,252** છે.

હવે કોઈ આજીવન રોજગાર સંભાવના નહી

વચનો હોવા છતાં, પશ્ચિમમાં નવા જીવનનો માર્ગ ન તો સરળ છે અને ન તો તેની ખાતરી છે. ઘણા વિઝા હાલમાં ઓસ્ટ્રેલિયા જેવા સ્થળોએ અટવાઈ પડ્યા છે કારણ કે ઈમિગ્રેશન અધિકારીઓ રોગચાળા દરમિયાન કરવામાં આવેલી અરજીઓનો બેકલોગ સાફ કરવા માટે સંઘર્ષ કરે છે. કેનેડા, ઓસ્ટ્રેલિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ જેવા દેશોમાં અભ્યાસ અને રહેવાનો ખર્ચ પણ ઓછી આવક ધરાવતા ભારતીયો માટે અત્યંત ઊંચો છે.ઓન્ટારિયોના લંડનમાં ફેનશવે કોલેજમાં પ્રસારણનો અભ્યાસ કરતી વિદ્યાર્થી નીતિકા મિશ્રાએ જણાવ્યું હતું કે," તે એક મોટી રકમ છે, ઘરેલુ વિદ્યાર્થી જે રકમ ચૂકવે છે તેનાથી ત્રણ ગણી રકમ ચૂકવવી એ એક મોટી સમસ્યા છે, ખાસ કરીને જ્યારે તે ભારતીય ચલણમાં રૂપાંતરિત થાય છે." તેમ છતાં રૂપિયો રેકોર્ડ નીચલી સપાટીની આસપાસ હોવા છતાં, તે એક જોખમ છે જે ઘણા ભારતીયો લેવા તૈયાર છે. દર વર્ષે, અંબાલા, જે બ્રિટિશ વસાહતી-યુગની આર્મી કેન્ટોનમેન્ટ છે, સામાન્ય રીતે સેંકડો યુવાનોને આજીવન રોજગારની સંભાવના સાથે લશ્કરમાં ખેંચે છે.ભારતના સશસ્ત્ર દળોની ભરતી કાર્યક્રમમાં તાજેતરના સુધારાઓએ, જોકે, લાભો અને કાર્યકાળમાં ઘટાડો કર્યો છે, જે ૧.૪ બિલિયનના દેશમાં સામાજિક ગતિશીલતા માટેના કેટલાક માર્ગોમાંથી એકને નીચું કરે છે.જેણે જૂનમાં કેટલાક સ્થળોએ હિંસક વિરોધને ઉત્તેજિત કર્યા અને તે હજારોને તેમની કારકિર્દીના માર્ગો ઉપર પુર્નઃ વિચાર કરવાની ફરજ પાડે છે."મેં બે વર્ષ તૈયારી કરી, અને લશ્કરમાં જોડાવા માટે લેખિત પરીક્ષા આપી. પરંતુ હવે, મને જોડાવા માટે કોઈ પ્રોત્સાહન દેખાતું નથી," ૧૮ વર્ષીય વિજય ચૌહાણે કહ્યું, જે પશ્ચિમ ઓવરસીઝમાં અંગ્રેજી ભાષાના વર્ગો લઈ રહ્યો હતો, જ્યાં સચિને તેના વિઝાની તૈયારી પણ કરી હતી. "ભારત છોડવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી."

(સૌ.: ધ વાયર.ઈન)

વિઝા સલાહકારોએ જણાવ્યું હતું કે ખાનગી શિક્ષણની વધતી જતી કિંમત અને ભારતમાં જાહેર ક્ષેત્ર અને ઉત્પાદન ક્ષેત્રે રોજગારની ઘટતી તકોને કારણે હજારો પરિવારોને મિલકતો ગીરો રાખવા અથવા વિદેશી શિક્ષણ માટે બેંક લોન લેવાની ફરજ પડી છે

કેશોદ-માંગરોળ વિસ્તારના રૂા.૨.૧૫ કરોડના કુલ ૧૦૬ કામોના લોકાર્પણ/ખાતમુહૂર્ત કરાયા

જન સુખાકારીના તમામ માળખાગત કામો સરકારે પૂર્ણ કર્યા છે : મંત્રી દેવાભાઈ માલમ

જૂનાગઢ, તા.૧૩

વિશ્વાસથી વિકાસયાત્રા અંતર્ગત જૂનાગઢ જિલ્લાના કેશોદ અને માંગરોળ વિસ્તાર માટે જનસુખાકારીના રૂા.૨.૧૫ કરોડના કુલ ૧૦૬ વિકાસ કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કાર્યક્રમ પશુપાલન અને રાજ્યમંત્રી દેવાભાઈ માલમના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

કેશોદના પાનદેવ લેઉવા પટેલ સમાજ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મંત્રીના હસ્તે માંગરોળ અને કેશોદના જન સુખાકારી માટેના કુલ ૧૦૬ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રી દેવાભાઈ માલમએ જણાવ્યું હતું કે, હર હમેશ દેશની ચિંતા કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી તથા ગુજરાતના સાંસદ અને ભારત સરકારના ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ તથા લોકલાડીલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ રાજ્યના છેવાડાના માનવી સુધી રાજય સરકારને વિવિધ યોજનાઓનો લાભ પહોંચી રહ્યો છે. રાજ્યની ડબલ એન્જિન સરકારે ગુજરાતના નાગરિકોની સુખાકારી માટે અનેક લોકહીત લક્ષી નિર્ણયો લઈને સંકલ્પથી સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્ય સરકારે અનેક સેવાઓને ઘર આંગણે પહોંચાડી લોકોની સરળતામાં વધારો કર્યો છે. સરકારે માળખાગત તમામ કામો પૂર્ણ કર્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિકાસલક્ષી કામો કરતી અમારી સરકાર પ્રત્યે લોકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ થકી આજે ગુજરાતની વિકાસયાત્રા ઉંચા શિખર પર પહોંચી છે. વિશ્વાસથી વિકાસ એ અમારી સરકારી નેમ છે પૂર્ણ થઈ છે.

ગુજરાત આજે કૃષિ, ઉદ્યોગ, આયાત નિકાસ, નાણાકીય આયોજન, કોવિડ મેનેજમેન્ટ, રમત-ગમત સહીત દરેક ક્ષેત્ર દેશમાં રોલ મોડલ બન્યું છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોનાના કારણે મંદીના માહોલમાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના મજબૂત નેતૃત્વમાં ભારત આજે વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બની છે. ભારતીય અર્થવ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા ગુજરાતી ભૂમિકા પણ અગત્યની રહી છે. આ પ્રસંગે કેશોદ નગરપાલિકાના પ્રમુખ લાભુબેન પીપળીયા એ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ પ્રસંગે કેશોદ તાલુકા પંચાયત પ્રમુખ નરેન્દ્રકુમાર દેત્રોજા, ગૌરાંગભાઈ વ્યાસ, પ્રવીણભાઈ ભાલાળા, મોહનભાઈ બુટાણી, વંદનાબેન મકવાણા, કેશોદ પ્રાંત અધિકારી ગરચર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

માણાવદર - વંથલી તાલુકામાં રૂા.૩.૯૪ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જવાહરભાઈ ચાવડાએ જનસેવાના ૧૨૨ પ્રકલ્પોનું માણાવદર ખાતેથી ઈ-લોકાર્પણ-ભૂમિપૂજન કર્યું

જૂનાગઢ, તા.૧૩

વિશ્વાસથી વિકાસ યાત્રા કર્યક્રમ હેઠળ માણાવદર-વંથલી તાલુકામાં રૂ. ૩.૯૪ કરોડના ૧૨૨ જનસેવા અને વિકાસના કામોનું પૂર્વ મંત્રી અનેધારાસભ્ય જવાહરભાઈ ચાવડાએ ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે માહિતી ખાતા દ્વારા નિર્મિત ગુજરાત રાજ્યની સર્વાંગીણ વિકાસની ગાથા રજૂ કરતી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી.

વંથલી પ્રાંત હેઠળ માણાવદરની લાયન્સ સ્કૂલ ખાતે જનસેવાના આ પ્રકલ્પોને લોકાર્પિત કરતા પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જવાહરભાઈ ચાવડાએ જણાવ્યું કે, એક સમયે વિકાસના અનેપ્રજાલક્ષ પ્રજાકીય કામો માટે ખૂબ મર્યાદિત અનુદાન મળતું હતું, ત્યારે આ રાજય સરકારના બે દાયકા થી વધુના શાસનકાળમાં વિકાસકામો માટે ગ્રાન્ટસ ખૂબ મોટો વધારો થવાથી જન સુખાકારીના કામોને એક નવો વેગ મળ્યો છે. તેની આજે લોકો પણ પ્રતીતિ કરી રહ્યા છે.

વિકાસના આ કામોમાં ધારાસભ્યો જન પ્રતિનિધિઓ નિમિત બનતા હોય છે અને લોકો માટે જોયેલા સપનાઓ સાકાર થતા હોય તેની તેનો સ્વભાવિક રીતે આનંદ પણ હોય, તેમ જણાવતા પૂર્વ મંત્રી અને ધારાસભ્યએ વિકાસના કામોનો લાભ લેવા માટે જણાવ્યું હતું. અંતમાં તેમણે સૌના સાથ અને સૌના વિકાસની આધારશીલા પર રાજ્ય સરકાર કામ કરી રહી હોવાનું ઉમેર્યું હતું.

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન કંચનબેન ડઢાણીયાએ જણાવ્યું કે, રાજ્ય સરકારની વિકાસનાની યાત્રા અવિરત પણે ચાલુ રહેવાની છે. આ સાથે તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્ર ઉત્થાનના કાર્યમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે અગ્રણી મનોજભાઈ ઠુંમરે જણાવ્યું કે, આ વિસ્તારમાં અવીરતપણે વિકાસના કામોનું ખાતમુહૂર્ત કરવાની સાથે લોકાર્પણ પણ કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જવાહરભાઈ ચાવડાના પ્રયાસોથી માણાવદર, વંથલી, મેંદરડા જેવા નાના સેન્ટરોમાં પણ રમણીય રિવરફ્રન્ટનું નિર્માણ થઈ રહ્યું છે. આ સાથે તેમણે ગુજરાત રાજ્યને વિકાસનું મોડલ સ્ટેટ ગણાવતા વીજળી, રોડ રસ્તા સહિતના વિકાસ કાર્યોનો ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી મીરાબેન સોમપુરાએ શાબ્દિક સ્વાગત અને વંથલીના મામલતદાર જાડેજાએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે માણાવદર નગરપાલિકાના પ્રમુખ પુષ્પાબેન ગોર, માણાવદર તાલુકા પંચાયતના પ્રમુખ નિરવભાઈ પાનસરા, વંથલી તાલુકા પંચાયતના પ્રમુખ લક્ષ્મીબેન મૈતર, બાંટવા નગરપાલિકાના રાજુભાઈ, આસિસ્ટન્ટ કલેક્ટર હનુલ ચૌધરી, માણાવદર, બાંટવા તથા વંથલીની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના હોદ્દેદારો-જનપ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

ખોડલધામ પ્રેરિત લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન સોમનાથ ખાતે યજ્ઞ યોજાયો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૩

શ્રી ખોડલધામ દ્વારા સોમનાથ દાદાના સાનિધ્યમાં સોમનાથ પાસે લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન સોમનાથનું નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યારે લેઉવા પટેલ સમાજ અતિથિ ભવનના લોકાર્પણ પૂર્વે એક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ૯ સપ્ટેમ્બરના રોજ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ યજ્ઞમાં ટ્રસ્ટીઓએ પરિવાર સાથે હાજર રહીને યજ્ઞમાં આહૂતિ આપી હતી.

જૂનાગઢ-સોમનાથ હાઈવે ઉપર નિર્માણ પામેલા લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન- સોમનાથનું હવે ટૂંક સમયમાં લોકાર્પણ થનાર છે. ત્યારે હિંદુ ધર્મની માન્યતા પ્રમાણે યજ્ઞ કરવાથી સમગ્ર જીવોનું કલ્યાણ થતું હોય અને યજ્ઞ કરવાથી જગ્યા પવિત્ર થતી હોય, આવા શુભ આશયથી આ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

તારીખ ૯ સપ્ટેમ્બરને શનિવારને ભાદરવી પૂનમના શુભ દિવસે લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન ખાતે આ યજ્ઞ યોજાયો હતો. સવારે ૮-૩૦ વાગ્યે યજ્ઞની શરૂઆત થઈ હતી. જેમાં કુલ ૧૨ હવન કુંડમાં ટ્રસ્ટીઓએ પરિવાર સાથે યજ્ઞમાં આહૂતિ આપી હતી. દેશના પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મંદિરના ભૂતપૂર્વ પૂજારી ધનંજયભાઈ દવે સાથે ૧૫ ભૂદેવોએ વિધિ વિધાન પ્રમાણે શાસ્ત્રોક વિધિથી મંત્રોચ્ચાર કરીને યજ્ઞ કરાવ્યો હતો.

આ યજ્ઞમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીઓ, લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન-સોમનાથના ટ્રસ્ટીઓ, સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન- રાજકોટના ટ્રસ્ટીઓ, કન્વીનરો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

જળ-વીજળીનાં યોગ્ય વ્યવસ્થાપનમાં ગુજરાત આત્મ નિર્ભર બન્યું

વિકાસનો પર્યાય બન્યું ગુજરાતઃ લોકાભિમુખ પારદર્શી વહીવટથી સપનાઓ થયાં સાકાર સેવાયજ્ઞના ૨૦ વર્ષની તપસ્યાઃ ગુજરાત બન્યુ દેશનું ગ્રોથ એન્જિન, વંચિતોનો થયો વિકાસ

શિક્ષણમાં નવતર પ્રયોગો અને સમીક્ષા થકી ડ્રોપઆઉટ રેશિયો ઘટ્યો, સાક્ષરતા દર વધ્યો, જાહેર સુરક્ષા-સલામતીને હંમેશા પ્રાધાન્ય અપાયું છેઃ 'પોલિસી ડ્રિવન સ્ટેટ'ની ઓળખ પ્રસ્થાપિત

આદિકાળથી અર્વાચીન કાળ સુધી ગુજરાત અનેક શાસકોના શાસનનું સાક્ષી રહ્યું છે. દ્વારકા, ગિરનાર, પાટણ, લાટ, વલભી, અમદાવાદ જેવા શાસનના કેન્દ્રો બદલાયાં પણ ગુજરાતે નાના વેપારથી લઈ વહાણવટા સુધી અને કૃષિથી લઈ કારખાના સુધીની સફરે ગુજરાતના વિકાસને હંમેશાં ગતિ આપી છે. એમાંય ૨૦વર્ષ પહેલાં દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કમાન સંભાળી ત્યારથી તો જાણે વિકાસ યજ્ઞની શરૂઆત થઈ! ગુજરાતે વિવિધ નીતિ ઘડતરથી લઈ તેના યોગ્ય અમલીકરણ થકી દેશભરમાં સુવ્યવસ્થિત-સુશાસન માટે ઉદાહરણરૂપ બન્યુછે. આજે દેશના ગ્રોથ એન્જિન ગુજરાતની તુલના વિશ્વના વિકસિત દેશો સાથે થવા લાગી છે. છેલ્લા બે દાયકામાં જનતાના સપનાઓને સાકાર કરવાની દિશામાં નવતર પ્રયોગો હાથ ધરાયા છે, જેણે ગુજરાતને નવી ઊંચાઈ હાંસલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. વિકાસનું મોડલ સ્ટેટ તરીકે ગુજરાતની ઓળખ પ્રસ્થાપિત થઈ છે ત્યારે આ છબીને જાળવી રાખવા માટે મક્કમ, મૃદુ અને સાલસ સ્વભાવના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતને દરેક ક્ષેત્રે ઉદાહરણરૂપ બનાવવા છેલ્લાં એક વર્ષથી દિવસરાત પ્રયાસરત છે.

ગુજરાતના જળ અને ઊર્જા વ્યવસ્થાપનમાં છેલ્લાં ૨૦વર્ષમાં આવેલા પરિવર્તને વિશ્વના નીતિ-નિર્માતાઓ અને તજજ્ઞોને ગુજરાત મોડલનો અભ્યાસ કરવા માટે મજબૂર કર્યા છે. ગુજરાતમાં દુષ્કાળ માત્ર શબ્દ બનીને રહ્યો છે. છેલ્લાં ૨૦ વર્ષમાં રાજ્ય સરકારે દશકાઓથી ખોરંભે પડેલી 'સરદાર સરોવર યોજના' અંતર્ગત નર્મદા ડેમની ઊંચાઈ અને ૬૯ હજાર કિલોમીટરથી વધુ લાંબી નહેરોના વિશાળ નેટવર્કને તૈયાર કરવાને પ્રાથમિકતા આપી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી બન્યાના ૧૫ જ દિવસમાં નર્મદા પ્રોજેક્ટને પૂર્ણ ઉંચાઈ સુધી લઈ જવાની મંજૂરી આપીને તેમણે ગુજરાતને આપેલું વચન પૂરૂં કર્યું છે. જેના પરિણામે રાજયમાં સિંચાઈ માટે બારેમાસ પાણી ઉપલબ્ધ થયું છે. નર્મદાના પાણી છેક કચ્છના છેવાડાના ગામ સુધી પહોંચ્યા છે. સુજલામ-સુફલામ તથા સૌની યોજનાના પ્રતાપે સૌરાષ્ટ્રના ૧૧ પથી વધુ ડેમો આજે પાણીથી છલકાઈ રહ્યાં છે. છાશવારે દુષ્કાળની પરિસ્થિતિનો સામનો કરતી કચ્છ-સૌરાષ્ટ્ર-ગુજરાતની સૂકી ધરતી મા નર્મદાના નીરથી તૃપ્ત થઈ છે. નર્મદાના પાણી રાજ્યના ઘરે-ઘરે પહોંચે, ખેતરમાં સિંચાઈ માટે મળે તે માટેનો તેમનો સંઘર્ષ ગુજરાત આજીવન યાદ રાખશે.

રાજ્યમાં ૯૭ ટકાથી વધુ ઘરોમાં પીવા માટે શુદ્ધ અને ગુણવત્તાયુક્ત પાણી નળથી પહોંચાડવા આવે છે. વર્ષ ૨૦૦૨ સ્થિતિએ જળશુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા ૮૧૦ એમ.એલ.ડી હતી જે આજે ૩,૩૬૮ એમ.એલ.ડી થઈ છે. ૨૧મી સદીના પ્રભાતે ગુજરાતમાં ઊર્જા ઉત્પાદન ક્ષમતા માત્ર ૮,૭૫૦ મેગાવોટ હતી, આજે આ ક્ષમતા વધીને ૪૦ હજારથી વધારે મેગાવોટ થઈ છે. પુનઃપ્રાપ્ય ઊર્જાના ક્ષેત્રમાં ગુજરાતે હરણફાળ ભરી છે. દેશની આઝાદીથી લઈ વર્ષ ૨૦૦૨ સુધીમાં પુનઃપ્રાપ્ય ઊર્જાનું ઉત્પાદન માત્ર ૯૯ મેગાવોટ હતું, જે આજે ૧૬,૫૦૦ મેગાવોટથી વધુ છે. 'જ્યોતિગ્રામ યોજના' જેવી મહત્વપૂર્ણ યોજનાના અસરકારક અમલીકરણથી રાજ્યના તમામ ગામડાઓમાં ૨૪ કલાક વીજળી પહોંચી છે. રાજ્યમાં ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ છે.

આરોગ્યક્ષેત્રે ગુજરાતે આમૂલ પરિવર્તનો આણ્યાં છે. રાજ્યમાં આજે બે દાયકાના પ્રયાસોથી હોસ્પિટલમાં ડિલિવરીની ટકાવારી ૯૯.૫ ટકા પર પહોંચી છે, જેના કારણે માતા-બાળ મૃત્યુદરમાં ધરખમ ઘટાડો થયો છે. છેલ્લા ૨૨ વર્ષોમાં રાજ્યની સરકારી હોસ્પિટલોમાં ૮.૩૮ લાખ જેટલા મોતિયાના ઓપરેશનો થયા છે. 'મોતિયા અંધત્વમુક્ત ગુજરાત ઝુંબેશ'નું ગુજરાત મોડલ કેન્દ્ર સરકારે પણ અપનાવ્યું છે. વિશ્વનું પરંપરાગત દવાઓ માટેનું પ્રથમ અને એકમાત્ર વૈશ્વિક કેન્દ્ર WHOના સહયોગથી જામનગર ખાતે શરૂ આવ્યું છે. ગત ૨૦ વર્ષમાં રાજ્યમાં ૩,૨૦૦થી વધુ આરોગ્ય કેન્દ્રોના અદ્યતન મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજ્યના 'બેટી બચાવો, બેટી પઢાઓ' જેવા સામાજિક અભિયાનની વ્યાપક અસરથી જાતિ પ્રમાણમાં નોંધપાત્ર સુધારો થયો છે.

છેલ્લા બે દાયકામાં રાજ્યમાં કૃષિ-પશુપાલને નવી ઊંચાઈઓ હાંસલ કરી છે. આજે રાજ્યમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધતા, કૃષિ ક્ષેત્રે વૈજ્ઞાનિક માર્ગદર્શન, ઝીરો ટકા વ્યાજે લોન, સોઈલ હેલ્થ કાર્ડ, સૂક્ષ્મ પિયત પદ્ધતિનો વ્યાપ, ટેકાના ભાવે ખેતપેદાશોની ખરીદી, વગરે જેવી ખેડૂતલક્ષી પહેલના કારણે ઉત્પાદન વધ્યું છે અને જગતનો તાત સુખી થયો છે. રાજ્યમાં ચેકડેમોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. વર્ષ ૨૦૦૨માં ૩,૫૦૦ જેટલા ચેકડેમ હતાં, આજે આ સંખ્યા ૧.૬૫ લાખ જેટલી થઈ છે. કલોલ ખાતે વિશ્વના પ્રથમ નેનો યુરિયા લિક્વિડ પ્લાન્ટની શરૂઆત કરાઈ છે. ખેતીની સાથે પશુપાલનને પણ પ્રોત્સાહન મળ્યું છે. છેલ્લા બે દાયકાઓમાં ૬૭ હજારથી વધુ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે અને ૨.૭૫ કરોડથી વધુ પશુંઓને નિઃશુલ્ક સારવાર આપવામાં આવી છે. ગુજરાત આજે દૂધ ઉત્પાદનમાં અગ્રેસર બન્યું છે. વર્ષ ૨૦૨૨ની સરખામણીએ દૂધ ઉત્પાદન ક્ષમતા ૬૮૯ લાખ મેટ્રિક ટનથી વધીને આજે ૧૫૮.૫૩ લાખ મેટ્રિક ટન થઈ છે.

શિક્ષણ ક્ષેત્રે ગુજરાતે શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા વિવિધ નવતર પ્રયોગો હાથ ધરી શાળાઓમાં બાળકોનું ઐતિહાસિક નામાંકન કરાવ્યું છે. સરકારી શાળાઓને સ્માર્ટ અને ડિજિટલ ક્લાસથી સજ્જ કરવામાં આવી રહી છે.

રાજ્યમાં ધોરણ ૧ થી ૮માં ભણતા બાળકોમાં વર્ષ ૨૦૦૨માં ડ્રોપઆઉટ રેશિયો ૩૭ ટકા હતો, જે આજે ઘટીને માત્ર ૩ ટકા જ રહ્યો છે. 'રાઈટ ટુ એજ્યુકેશન' એક્ટના યોગ્ય અમલથી વંચિત અને ગરીબ બાળકોને પ્રાઈવેટ શાળાઓમાં પણ નિઃશુલ્ક શિક્ષણ મળતું થયું છે. રાજ્યની તમામ શાળાઓના પર્ફોર્મન્સ ઉપર નજર રાખવા માટે દેશનું સૌપ્રથમ 'વિદ્યાસમીક્ષા કેન્દ્ર' ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવ્યું છે.

રાજ્યના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે અન્ય રાજ્ય કે વિદેશ પર નિર્ભર ન રહેવું પડે તે માટે ચરણ આંગણે વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેના ભાગરૂપે ગત બે દાયકામાં એન્જિનિયરિંગ કોલેજોની સંખ્યા ૨૬થી વધીને ૧૩૩ થઈ છે, જ્યારે મેડિકલ કોલેજોની સંખ્યા ૧૧થી વધીને ૩૧ થઈ છે. વ્યવસાયિક શિક્ષણ પર ભાર મૂકીને પોલિટેકનિકની સંખ્યા ૩૧થી ૧૪૪ કરવામાં આવી છે, જ્યારે પ્રોફેશનલ કોલેજોની સંખ્યા ૧૦૮માંથી ૫૦૩ થઈ છે. ગુજરાતમાં મેડિકલ સીટ માત્ર ૧,૩૭૫ હતી, જે રાજ્ય સરકારના સતત પ્રયત્નોથી આજે ૫,૭૦૦ થઈ છે. આઝાદીથી લઈ અત્યાર સુધીના આ સમયગાળામાં જ ગુજરાતને રાજકોટ ખાતે પોતાની પ્રથમ એઈમ્સ હોસ્પિટલ મળી છે.

ગુજરાતમાં પહાડીઓથી માંડીને દરિયા કિનારાઓ, ધોળાવીરા જેવા ઐતિહાસિક સ્થળોથી લઈને મોર્ડન ગિફ્ટ સિટી, હેરિટેજ બિલ્ડીંગોથી લઈને આધુનિક બસ સ્ટેશન્સ અને બંદરો તેમજ કચ્છના સફેદ રણથી લઈને ગીરના જંગલો અને કેટલાંય અન્ય પ્રવાસન આકર્ષણો રહેલાં છે. જેને ઓળખીને છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે રહેલી તકોને ઉજાગર કરી છે. ગુજરાતના માળખાકીય વિકાસે વિશ્વભરના પ્રવાસીઓ અને ઉદ્યોગજગતને ગુજરાતમાં આવવા માટે આકર્ષિત કર્યા છે. માત્ર પ્રવાસન સ્થળ કે તીર્થધામના વિકાસથી ઉપર ઊઠીને 'બિઝનેસ ટુરિઝમ' ક્ષેત્રે પણ નવીન સીમાચિહ્નો સ્થાપિત કર્યા છે. ગિફ્ટ સિટી અને મહાત્મા મંદિર એના ઉત્તમ ઉદાહરણો છે. તાજેતરમાં રાજ્ય સરકારે ફિલ્મ નિર્માણ ઉદ્યોગને આકર્ષવા 'સિનેમેટિક ટુરિઝમ પોલિસી' જાહેર કરી છે, જે રાજ્યના વિકાસમાં યોગદાન આપશે.

૨૧મી સદી એ જ્ઞાનની સદી છે, ડિજિટલ યુગની સદી છે. ડિજિટલ ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ઈ-ગવર્નન્સના સુચારું અમલીકરણ થકી વિવિધ ડિજિટલ પહેલ શરૂ કરી હતી. રાજય સરકાર દ્વારા સેવાઓના ડિજિટલ વિતરણની પ્રણાલીએ સામાન્ય નાગરિકના જીવનને વધુ સરળ બનાવવામાં તેમજ સરકાર સાથે જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

રાજ્યમાં ૩૫ હજાર કિલોમીટરથી વધારે ઓપ્ટિકલ ફાઈબરનું વ્યાપક માળખું તૈયાર કરવામાં આવ્યું છે, જેના થકી ૩૧૩૪થી વધુ સરકારી સેવાઓ ઘર આંગણે ઉપલબ્ધ બની છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી આધારિત સેવાઓની નિકાસ ૨૫ હજાર કરોડ રૂપિયા સુધી લઈ જવાનું લક્ષ્ય નિર્ધારિત કરાયું છે.

રાજ્યની ખમીરવંતી પ્રજાની ઉદ્યોગ સાહસિકતા દેશ-વિદેશમાં સુવિખ્યાત છે. વર્ષ ૨૦૦૧માં આવેલા ભૂકંપે રાજ્યને ભયંકર નુકસાન પહોંચાડ્યું હતું. પરંતુ ભૂકંપજેવી આપત્તિને અવસરમાં પલટીને ગુજરાતે નોંધપાત્ર માળખાયી સુવિધાઓ મજબૂત બનાવી છે. છેલ્લા બે દાયકામાં વિશ્વના મોટા ઉદ્યોગો ગુજરાતના આંગણે પધાર્યા છે. 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' એટલે કે વ્યાપાર માટેની સુગમતામાં ગુજરાત દેશમાં અગ્રેસર છે. ભારતનું પ્રથમ ફાઈનાન્સિયલ ટેક સિટી ગિફ્ટ સીટી, ભારતનું પ્રથમ ડ્રીમ (ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ) સીટી 'સુરત ડાયમંડ બુર્સ'નું નિર્માણ કરવામાં આવ્યું છે. જે દેશ-વિદેશના મૂડી રોકાણ કારોને આકર્ષી રહ્યું છે. જેના પરિણામે ગુજરાત સમગ્ર દેશમાં વિદેશી મૂડીરોકાણમાં પ્રથમ સ્થાને છે. બે દાયકા પહેલાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની સંખ્યા ૨.૭૪ લાખથી વધીને આજે ૮.૬૬ લાખ થઈ છે. તેમજ બંદરો ઉપર કાર્ગો સંચાલન ક્ષમતા ૧૨૦૨.૭૪ લાખ મેટ્રિક ટન હતી, જે આજે ૫૩૨૪.૯૧ લાખ મેટ્રિક ટનની થઈ છે.

બે દાયકા પહેલાં આદિવાસી જાતિઓમાં જંગલ જમીન ઉપર ખેતી કરવામાં ડર, ઓછું શિક્ષણ પ્રમાણ, સિકલ સેલ એનીમિયા, આરોગ્ય, શિક્ષણ, રસ્તાઓ, પાણી, વીજળી સહિતની મૂળભૂત સુવિધાઓનો અભાવ વગેરે જેવી વિવિધ સમસ્યાઓ તેમના માટે પ્રાણ પ્રશ્ન સમાન હતી. તેને નિવારવા માટે રાજ્યની સરકારે બજેટમાં ક્રમશઃ માતબાર વધારો કર્યો. ૧૮ લાખથી વધુ યુવાનોને રોજગાર લક્ષી તાલીમ બાદ રોજગાર આપી પગભર કર્યા છે. આદિજાતિ વિસ્તારોમાં શાળાઓ, કોલેજો અને છાત્રાલયની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આદિવાસી ગામોમાં વીજળીની તથા નળથી જળની સુવિધા પ્રાપ્ત થઈ છે. વન અધિકાર અધિનિયમના સફળ અમલીકરણથી ૯૧,૮૮૪ વ્યક્તિગત દાવાઓ માન્ય કરી ૬૦,૮૩૭ હેક્ટર જંગલની જમીનના અધિકારો આપવામાં આવ્યાં છે. આદિજાતિ વિસ્તારના ૯૮.૬૦ટકા રેવન્યૂ ગામોને પાકા રસ્તાથી જોડવામાં આવ્યાં છે. આદિજાતિ વિસ્તારોમાં રોજગારીનું સર્જન કરવા તેમજ ઉદ્યોગ સાહસિકતાને વેગ આપવા ૮ નવી જીઆઈડીસી એસ્ટેટનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ગુજરાતે છેલ્લા બે દાયકાઓમાં 'પોલિસી ડ્રિવન સ્ટેટ'ની ઓળખ પ્રસ્થાપિત કરી છે. નક્કર પોલિસીઓ ગુજરાતની ધરોહર બની રહી છે. ગુજરાતે સેમીકંડક્ટર પોલિસી, ડ્રોન પ્રમોશન એન્ડ યુસેજ પોલિસી, એરોસ્પેસ એન્ડ ડિફેન્સ પોલિસી, નવી બંદર નીતિ, નવી સોલર એન્ડ હાઈબ્રિડ પોલિસી, ગાર્મેન્ટ એન્ડ એપેરલ પોલિસી, નવી યોગ નીતિ, હેરીટેજ ટૂરિઝમ પોલિસી, નવી ગુજરાત IT અને ITeS પોલિસી, બાયોટેકનોલોજી પોલિસી, સ્ટાર્ટઅપ પોલિસી, કૃષિ વેપાર નીતિ, સ્પોર્ટસ પોલિસી, વગેરે જેવી નીતિઓએ ગુજરાતની આર્થિક-સામાજિક સુખાકારીમાં સતત વધારો કર્યો છે.

ગુજરાતને વિકાસ પ્રણેતા કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી. કારણ કે, આજે ગુજરાત 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ'માં દેશમાં અગ્રેસર છે. ગુજરાત સ્ટેટ સ્ટાર્ટ અપ રેન્કીંગમાં સતત ત્રણ વર્ષથી બેસ્ટ સ્ટેટ જાહેર થાય છે. સ્ટાર્ટ અપમાં છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાત ટોપ પર્ફોર્મર સ્ટેટ છે. સોલાર રૂફ ટોપમાં ગુજરાત દેશમાં નંબર એક ઉપર છે. નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ નાણાકીય વ્યવસ્થાપનના માપદંડોમાં ગુજરાત સમગ્ર દેશમાં પણ પ્રથમ ક્રમે આવ્યું છે. નીતિ આયોગના રિપોર્ટ મુજબ ગુજરાત નાણાકીય આયોજનમાં દેશમાં પ્રથમ સ્થાને છે. નીતિ આયોગના ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે.

વેરાવળ-સોમનાથ શહેર પંથકમાં પોણા કલાકમાં અનરાધાર ૨.૫ ઈંચ વરસાદથી રાજમાર્ગો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં !

(રાકેશપરડવા દ્વારા)

વેરાવળતા. ૧૩

વેરાવળ સોમનાથ જોડીયા શહેર અને પંથકમાં ગઈકાલે સમીસાંજે મેઘરાજાએ ગાજવીજ અને વિજળીના ચમકારા સાથે પધરામણી કરી પોણી કલાક (૪૫મિનીટ)માં ૨.૫ ઈંચ જેવો ભારે વરસાદ વરસાવી દીધો હતો. જેના પગલે શહેરના અનેક રાજમાર્ગો અને નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણડુબ પાણી ભરાઈ જતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. આ સાથે જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ મેઘરાજાએ મુકામ કરી સાર્વત્રિક અડધો ઈંચ વરસાદ વરસાવ્યાનું જાણવા મળી રહેલ છે.

રાજયના હવામાન વિભાગની આગાહી મુજબ છેલ્લા બે દિવસથી વેરાવળ સોમનાથ જોડીયા શહેર ઉપર મેઘરાજા હેત વરસાવવાનો ડોર કરી રહ્યાનો માહોલ જોવા મળતો હતો. જો કે ગઈકાલે સમી સાંજે પાંચ વાગ્યાની આસપાસ જોડીયા શહેર અને પંથકના ગ્રામ્ય વિસ્તારોના આકાશમાં કાળા ડીબાંગ ઘટાટોપ વાદળો છવાઈ ગયા બાદ ગાજવીજ અને વિજળીના ચમકારા સાથે મેઘરાજાએ પધરામણી કરી હતી. જોત જોતામાં મેઘરાજાએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ ૪૫ મિનીટ જેવા ટુંકા સમયમાં જ ૫૯ મીમી (૨.૫ ઈંચ) જેવો ભારે વરસાદ વરસાવી દીધો હતો. જેના પગલે વાતાવરણમાં અનેરી ઠંડક પ્રસરી જવાની સાથે અત્ર તત્ર અને સર્વત્ર પાણી પાણી કરી દીધું હતું. જોડીયા શહેરમાં અચાનક પડેલા ભારે વરસાદના પગલે અનેક રાજમાર્ગો અને નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણડુબ પાણી ભરાઈ ગયા હતા. જેમાં ખાસ પાલીકા કચેરીની સામેના જ બે મુખ્ય માર્ગો ઉપરાંત સટ્ટાબજાર, સુભાષ રોડ, એમજી રોડ, એસટી રોડ, રીંગરોડ સહિતના માર્ગો ઉપર પાણી ભરાઈ જતા વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. તો અમુક વિસ્તારોમાં ગટરો ઉભરાઈને વરસાદી પાણી સાથે વહેવા લાગતા લોકોને દુર્ગંધથી લોકો પરેશાન થઈ ગયા હતા. ભારે વરસાદથી સર્જાયેલ પરિસ્થિતિએ પાલીકા તંત્રની અણઘડ કામગીરીની પ્રતિતી લોકોને કરાવી હોવાની માર્મિક ટકોર પ્રબુધ્ધ લોકો કરી રહ્યા હતા. વેરાવળ સહિત ગ્રામ્ય વિસ્તારમાં પણ ભારે વરસાદ વરસ્યો હોવાથી નદી નાળા બે કાંઠે વહેતા જોવા મળતા હતા. વેરાવળ પંથકના ડાભોર, ચમોડા, આંબલીયાળા, છાત્રોડા સહિતના અનેક ગામોને જોડતા અને વાડી વિસ્તારના રસ્તાઓ ઉપર વરસાદી પાણી વહેતા થયા હતા. તો ગઈકાલના વરસાદથી ખેડુતોએ કરેલ પાકોને જીવનદાન મળ્યા સમાન હોવાથી જગતનો તાત ખુશખુશાલ થઈ ગયો હતો. જ્યારે છેલ્લા થોડા દિવસોથી તો બફારો અનુભવતા પંથકવાસીઓએ ભારે વરસાદથી ઠંડકનો અહેસાસ કરી રહ્યા હતા. ગઈકાલે સાંજે જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ સામાન્ય વરસાદ વરસેલ હતો. જેની વાત કરીએ તો સુત્રાપાડામાં ૧૧ મીમી, કોડીનારમાં ૧૬ મીમી, ઉનામાં ૧૮ મીમી, ગીરગઢડામાં ૭ મીમી જેટલો વરસાદ વરસ્યો હતો.

ગુજરાતમાં જીએસટીની પ્રક્રિયા સરળ બનાવી વેપારીઓ તરફે નિર્ણય કરવાની ખાત્રી આપતા કેજરીવાલ

અમદાવાદ તા.૧૩

આમ આદમી પાર્ટીનાં રાષ્ટ્રીય સંયોજક અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ફરી એક વખત ગુજરાતની મુલાકાતે આવીને ચૂંટણી વચનોની લ્હાણી આપી હતી. અમદાવાદમાં વેપારીઓને સંબંધોન કરતા કહ્યું હતું કે, જીએસટી પ્રક્રિયા સરળ કરી છ મહિનામાં રિફંડ અપાશે તેમજ માલ વેંચાણની ચૂકવણી માટે નિયમો સરળ બનાવાશે. આ બેઠકમાં તેઓએ રોજગાર ગેરંટી, ડ્રગ્સ સહિતનાં મુદ્દે ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. અમદાવાદની મુલાકાત દરમ્યાન કેજરીવાલે એક રીક્ષા ચાલકનું આમંત્રણ સ્વિકારી તેનાં ઘરે ભોજન ગ્રહણ કર્યું હતું અને રીક્ષા ચાલકોની સમસ્યાઓ દુર કરી તેમનાં બાળકોનાં ભવિષ્યને ઉજવળ બનાવવાની પણ ખાત્રી આપી હતી.

મુકેશ અંબાણીએ શ્રીનાથજીના દર્શન કરવા માટે ઉદયપુર(રાજસ્થાન) નજીક નાથદ્વારા શહેરની મુલાકાત લીધી

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકાતા.૧૩

ભગવાન શ્રીનાથજીએ ભગવાન શ્રી કૃષ્ણનું સાત વર્ષની ઉંમરનું બાળ સ્વરૂપ છે, જે તેમના તમામ ભક્ત સમુદાયને પ્રેમ અને લીલાઓ સાથે આશીર્વાદ આપ્યા હતા અને શ્રીનાથજી મંદિર ૩૫૦ વર્ષથી વધુ વર્ષોની પરંપરા ધરાવે છે. ધીરૂભાઈ અંબાણી અને કોકિલાબેન અંબાણીથી શરૂ કરીને સમગ્ર અંબાણી પરિવાર ભગવાન શ્રીનાથજીમાં અપાર શ્રધ્ધા ધરાવે છે અને તેઓ પુષ્ટિ માર્ગના અનુયાયીઓ છે. એટલા માટે જ મુકેશ અંબાણીએ તેમના પરિવારના પ્રથમ લગ્ન તેમની પુત્રી ઈશા અંબાણીના લગ્નની શરૂઆત શ્રીનાથજીની મહાઆરતી સાથે કરી હતી અને તેમના પત્ની અને પરોપકારી નીતા અંબાણીએ મધુરાષ્ટકમ્ ઉપર એક નૃત્ય રજૂ કર્યું હતું, જે શ્રી વલ્લભાચાર્યજી (પુષ્ટિ માર્ગના સ્થાપક) દ્વારા રચાયેલું છે અને તેના દ્વારા ભગવાન શ્રીનાથજી પ્રત્યેના અપાર પ્રેમની અભિવ્યક્તિ કરી હતી. વલ્લભાચાર્યજીના સીધી લીટીના વંશજ ગોસ્વામી તિલકાયત રાકેશજી મહારાજ નાથદ્વારા શ્રીનાથજી મંદિરના મુખ્ય ધર્માધિકારી છે અને સમગ્ર પુષ્ટિ માર્ગના વડા છે. ધીરૂભાઈ તથા ત્યારબાદ મુકેશભાઈના શ્રીમાન તિલકાયત મહારાજ અને તેમના પુત્ર વિશાલ બાવા સાથે વારસાગત સ્નેહ સંબંધ છે અને વિશાલ બાવાએ ભારત અને વિશ્વ(યુએઈ, બહેરીન, યુએસએ)માં પુષ્ટિમાર્ગના ઉપદેશોનો ફેલાવો કરવાની જવાબદારી ઉપાડી લીધી છે. આ ઉપરાંત અંબાણી પરિવારની યુવા પેઢી પણ ધર્મ સાથે જોડાઈ રહી છે. મુકેશભાઈએ રાધિકા સાથે વિશાલબાવાના આશીર્વાદ લીધા અને વિશાલ બાવાએ સમગ્ર પરિવારને તેમની સુખાકારી માટે અને ભારતમાં 5G લોન્ચ કરવાના અવસરે, રિટેલ ક્ષેત્રે અને ગ્રીન એનર્જી સહિતના નવા સાહસો માટે અભિનંદન સાથે શુભાશિષ આપ્યા હતા. આ વારસો હવે અનંત અંબાણી સાથે આગળ વધારવામાં આવી રહ્યો છે, જ્યારે વિશાલ બાવા સામાજિક ઉત્કર્ષને ધર્મ સાથે જોડવા માટે અથાગ મહેનત કરી રહ્યા છે. આ દિવસ અને આવનારા સમયના યુવા બિઝનેસ આઈકન તરીકે અને પુષ્ટિ જીવનશૈલીમાં શ્રદ્ધા ધરાવતા વ્યક્તિ તરીકે અનંત અંબાણી આ બંધનને આગામી પેઢીમાં લઈ જશે. કારણ કે પુષ્ટિ વ્યાપક વિચારધારા ધરાવતો, સરળ અને અંધવિશ્વાસથી દૂર રાખતો સંપ્રદાય છે. તમારા રોજિંદા જીવનમાં જેમ તમે ઈચ્છો છો એટલી જ સરળ રીતે ભગવાનની સેવા અને પૂજા કરવાની પાવન રીતભાતનો પ્રચાર કરે છે. તમારા ‘સંસાર’ અને તમારા ‘પરબ્રહ્મ’ વચ્ચે સુયોગ્ય સંતુલન જાળવે છે.

દ્વિપીઠાધિશ્વર શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી બ્રહ્મલીન થતાં

દ્વારકા શારદાપીઠનાં શંકરાચાર્ય તરીકે સદાનંદજી સરસ્વતીની નિયુકતિ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૩

દ્વિપીઠાધિશ્વર અનંત વિભૂષિત જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદનજી સરસ્વતીજી મહારાજ બ્રહ્મલીન થતા દ્વારકા શારદાપીઠનાં શંકરાચાર્ય તરીકે સ્વરૂપાનંદજીનાં પરમપ્રિય શિષ્ય દંડસ્વામી સદાનંદજી સરસ્વતીજીની નિયુકતિ કરવામાં આવેલ છે. શારદાપીઠ શંકરાચાર્યપદે સદાનંદજી સરસ્વતીજી બીરાજમાન થતા શહેરની વિવિધ ધાર્મિક અને સામાજીક સંસ્થાનાં વડાઓ, રાજકીય આગેવાનો, વેપારીસંગઠનો ઉપરાંત દ્વારકાવાસીઓ દ્વારા ભાવપૂર્ણ રીતે આવકારવામાં આવેલ છે.

મધ્યાહન ભોજન કર્મચારીઓએ જૂનાગઢ કલેકટરને આવેદન આપ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

મધ્યાહન ભોજન કર્મચારીઓનાં પ્રશ્ને જૂનાગઢ જીલ્લા કલેકટર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. મધ્યાહન ભોજન કર્મચારીઓનાં પગાર વધારાની માંગ કરવાની આગેવાની સેન્ટર ઓફ ઈન્ડીયા ટ્રેડ યુનિયન સીટુનાં ગુજરાત ઉપાધ્યક્ષ બટુકભાઈ મકવાણા, મધ્યાહન ભોજનનાં પ્રમુખ અરવિંદભાઈ પાતરે લીધી હતી અને તા. ૨૦-૯-૨૨ના ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

બ્રહ્મલીન દ્વિપીઠાધિશ્વર શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજને દ્વારકાવાસીઓએ શ્રધ્ધાંજલી અર્પી

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૩

બ્રહ્મલીન દ્વિપીઠાધિશ્વર અનંતશ્રી વિભૂષિત જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદજી સરસ્વતી મહારાજને શ્રધ્ધાંજલી આપવા શારદાપીઠ દ્વારકામાં સભા યોજાઈ હતી. સભાનાં અધ્યક્ષ સ્થાને અખીલ ભારતીય સાધુ સમાજનાં અધ્યક્ષ મુકતાનંદ બાપુ સાથે સ્વામીનારાયણ સંપ્રદાય, રામાનંદ સંપ્રદાય, અખાડા પરીષદનાં સાધુ-સંતો, અગ્રણીઓ, વેપારી સંગઠનો, ૪૯ જેટલી જ્ઞાતિ સમાજનાં અધ્યક્ષો, દ્વારકાધીશ મંદિરનાં પુજારીઓ, રીલાયન્સ કંપનીનાં પરીમલભાઈ નથવાણીનાં પ્રતિનિધિ તથા સમગ્ર સનાતન ધર્મનુરાગીઓ આ શ્રધ્ધાંજલી સભામાં ઉપસ્થિત રહી પૂજય મહારાજને શ્રધ્ધાંજલી અર્પણ કરેલ હતી. તેમજ મુખ્યમંત્રીએ શોકસંદેશ પાઠવી શ્રધ્ધાંજલી અર્પણ કરેલ હતી.

:: અવસાન નોંધ ::

રાજકોટ: રમેશકુમાર પ્રાણલાલ ઝીંઝુવાડીયા (અમરેલી) તેગો.વા. જયંતીલાલ જમનાદાસ પાટડીયાના જમાઈ, મુકેશભાઈ, મનીષભાઈ, ધર્મેશભાઈનાં બનેવી તા. ૧૧ના રોજ શ્રીજીચરણ પામેલ છે. મો. ૯૦૬૭૬ ૦૬૧૫૪, ૮૯૮૦૨ ૨૬૬૭૬૯.

ભેંસાણનાં મેંદપરા ગામે જુગાર દરોડો, ૫ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

ભેંસાણ તાલુકાનાં મેંદપરા ગામે પોલીસે જુગાર અંગે દરોડો પાડતા પાંચ શખ્સોને રૂા.૨,૬૮૦ની રોકડ સાથે ઝડપી લઈ તેમનાં વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

ઝેરી દવા પીતા મોત

માણાવદર તાલુકાનાં બામણાસા ગામનાં સાગરભાઈ કાંતીભાઈ ડાભી(ઉ.વ.૧૭)એ કોઈપણ કારણસર ઝેરી દવા પીતા તેનું મૃત્યું થયું છે.

ભાણવડમાં સર્જાઈ કરૂણાંતિકા : પાણી ભરેલા ખાડામાં ડૂબી જવાથી ભાઈ-બહેનના કરૂણ મૃત્યું

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ ખાતે ગઈકાલે સાંજે સગા ભાઈ-બહેનના ડૂબી જવાથી કરૂણ મૃત્યું નિપજયાના બનાવે સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરાવી છે. આ કરૂણ બનાવવાની પોલીસ સૂત્રોદ્વારા સાંપળેલી વિગત મુજબ ભાણવડના રામેશ્વર વિસ્તારમાં ટેલીફોન એક્ષચેન્જની બાજુમાં રહેતા ઓસમાણભાઈ કારૂભાઈ રાઠોડના ૧૧ વર્ષીય પુત્ર ચંદ્રેશ તથા ૧૧ વર્ષની પુત્રી અંજલીબેન ગઈ કાલે સોમવારે સાંજે આશરે ચારેક વાગ્યે આ વિસ્તારમાં આવેલા પાણીના ખાડા બાજુ રમતા-રમતા આ ખાડામાં પડી ગયા હતા. પાણી ભરેલા આ વિશાળ અને ઊંડા ખાડામાં ડૂબી જવાના કારણે ચંદ્રેશ તથા અંજલિના કરૂણ મૃત્યું નીપજયા હતા.

આ બનાવ બનતા સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી ગયા હતા અને અંજલિ તથા ચંદ્રેશને પાણીની બહાર કાઢી, હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ ઉપરના તબીબોએ તેમને મૃત્યું પામેલા જાહેર કર્યા હતા. આ બનાવવાની જાણ ઓસમાણભાઈ કારૂભાઈ રાઠોડએ ભાણવડ પોલીસને કરી છે.

માંગરોળ, કુકસવાડા, ચોરવાડનાં યુવાનોએ સારસંભાળ લઈ ૨૭ પશુઓને સાજા કર્યા

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૩

લમ્પી વાયરસે કહેર વર્તાવ્યો છે. આ રોગની ઝપટે ચઢતા અનેક પશુઓ દરરોજ તડપીને દમ તોડી રહ્યા છે. ત્યારે માંગરોળ, કુકસવાડા અને ચોરવાડના યુવાનોની ટીમે રોગગ્રસ્ત ગૌવંશોને માર્કેટિંગ યાર્ડ ખાતે રાખી તેઓને બચાવવા શક્ય એવી માવજત, સારસંભાળ લઈ છેલ્લા સાત દિવસમાં ૨૭ પશુઓને સાજા કર્યા છે. ગાય, વાછરડા, બળદમાં જોવા મળતા લમ્પી વાયરસને લીધે પશુપાલકો કફોડી સ્થિતિમાં મુકાઈ ગયા છે. તાલુકામાં પશુઓની સારવાર માટે ૪ એમ્બ્યુલન્સ(૧૯૬૨) ફરી રહી છે. આ ઉપરાંત જૂનાગઢ યુનિ.ની એક ટીમ પણ ગ્રામ્ય પંથક કવર કરી રહી છે. તેમ છતાં અહીના પશુ દવાખાનામાં લમ્પી વાયરસના લક્ષણો ધરાવતા દરરોજ આઠથી દસ કેસો આવી રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે રસ્તે રઝળતા અને રોગમાં પટકાયેલા ગાય, વાછરડા, ધણખુંટ સહિતના ગૌવંશને સાચવવા અને સારવાર માટે થોડો સમય જગ્યા આપવા યુવાનોએ માર્કેટિંગ યાર્ડના હોદ્દેદારો પાસે માંગ કરી હતી. હોદ્દેદારોએ પણ માનવતા દાખવી કંપાઉન્ડની જગ્યાની વ્યવસ્થા કરી આપી હતી.

ત્યારબાદ હાલ તાવ, પગ અને ગળામાં સોજા, લિવર, કિડનીમાં ઈન્ફેકશન તેમજ શરીરે ફોડલા જેવા લક્ષણો ધરાવતા ૪૫થી વધુ ગાય, વાછરડા સહિતના ગૌવંશના ૧૦૦ પશુઓને અહીં રાખવામાં આવ્યા છે. યુવાનોએ આ રોગગ્રસ્ત જીવોને માત્ર સાચવ્યા જ નથી, પરંતુ તેઓની દિલથી સારસંભાળ રાખી રહ્યા છે. અહીં રાખવામાં આવેલા ગૌવંશોને કપુર અને ફટકડીના પાણીથી દરરોજ નવડાવવામાં આવે છે. પશુઓમાં રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે દસ ઔષધીમાંથી બનતો આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં આવે છે.

કાલે બુધવારે ભરણી નક્ષત્ર શ્રાદ્ધનું મહત્વ

તા.૧૪ સપ્ટેમ્બર બુધવારના રોજ ભરણી નક્ષત્ર શ્રાદ્ધ છે. આ શ્રાદ્ધનું મહત્વ એ છે કે, જે લોકો જીવનમાં તીર્થયાત્રા ન કરી શકયા હોય અને ગંગા નદીમાં સ્નાન ન કરી શકયા હોય અને મૃત્યું પામ્યા હોય તેમની પાછળ ભરણી નક્ષત્રના દિવસે તર્પણ પિંડદાન કરવામાં આવે છે. બ્રાહ્મણ ભોજન કરાવવામાં આવે તો શ્રાદ્ધ કરાવનારને તીર્થયાત્રા યાત્રા કરવાનું ફળ મળે છે અને ગયામાં શ્રાદ્ધ કરવાનું પણ ફળ મળે છે અને જેની પાછળ શ્રાદ્ધ વિધિ કરવામાં આવી હોય તેને પણ મોક્ષ ગતિ મળે છે. આ શ્રાદ્ધ કોઈપણ વ્યક્તિ કરાવી શકે છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંતરત્ન)

સરગવાડાના વેલ્ડીંગ વર્કરના પુત્રએ નીટ યુજીની પરીક્ષામાં ૫૭૧ માર્કસ મેળવ્યા

મન હોય તો માળવે જવાયની યુક્તિને હિમાંશુ વાઘેલાએ ખરા અર્થમાં સાર્થક કરી બતાવી



(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૧૩

જૂનાગઢના સરગવાડા ગામે રહેતા અને વેલ્ડીંગનું કામ કરતા દિનેશભાઈ વાઘેલાના પુત્ર હિમાંશુ વાઘેલાએ તાજેતરમાં લેવાયેલ ૧૨ સાયન્સનીની પરીક્ષામાં ૫૭૧ માર્કસ મેળવીને સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે. હિમાંશુ વાઘેલાને નાનપણથી જ ડોક્ટર બનવાની ઈચ્છા હતી એવા સમયે તેમનો સંપર્ક સરગવાળામાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા જમનાદાસ બી. ચૌહાણ સાથે થયો અને જાણે કે તેમના નસીબ ખુલી ગયા હોય તેમ તેમણે જમનાદાસ ચૌહાણના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક કક્ષાએથી જ તનતોડ મહેનત કરવાની શરૂ કરી દીધેલ હતીઅને આસિધ્ધિપ્રાપ્ત કરી શક્યો હતો. આ બાબતે હિમાંશુ વાઘેલાએ જણાવ્યું હતું કે, જમનાદાસ ચૌહાણે મને પ્રાથમીક શિક્ષણ અને નવોદયનું માર્ગદર્શન પુરૂ પાડેલ હતું. જેથી હું નવોદય વિદ્યાલયમાં પાસ થયેલ હતો. ત્યારબાદ ૧૨માં ધોરણમાં મેં નીટની પરીક્ષા આપેલ જે કોરોનાને કારણે થોડોક અભ્યાસમાં કમી રહી ગઈ હતી. જમનાદાસ ચૌહાણના માર્ગદર્શનથી જમનાદાસ ચૌહાણને પહેલેથી જ ખ્યાલ હતો કે મારે ડોક્ટર બનવું છે એટલે મેં મારા ગુરૂને મેં પૂછ્યું કે, મારે હજી ફરીથી પરીક્ષા આપવી છે. નીટની તો છાપામાં જાહેરાત આવતા મને તે ચિઠ્ઠી મોકલે મેં કીધું તારી ઈચ્છા છે તો તું ફીનોલ ઈન્સ્ટિટયૂટ રાજકોટમાં દાખલ થઈ જાય તેમાં ટ્યુશન કલાસમાં ગોસ્વામીનું માર્ગદર્શન મળશે. મારા ગુરૂ પંદર દિવસે એક વખત ગોસ્વામી સાથે ચર્ચા કરતા તેની માહિતી મેળવતા. એક વર્ષ સુધી તેને ખૂબ મહેનત કરી જેનું સપનું સાકાર થઈ ગયું છે જેનો બધો જ શ્રેય મારા ગુરૂ ચૌહાણ જમનાદાસ ભાણજીભાઈ અને મારા માતા-પિતાને આપું છું, સમાજને આવા ગુરૂની જરૂર છે જે ગરીબ માણસોના બાળકોનું ધ્યાન રાખે છે.

જૂનાગઢ ખાતે ખોડીયાર ગૃપ દ્વારા છઠ્ઠી વખત ભવ્ય ત્રિવેણી મહોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

ભૂતનાથ મંદિર-જૂનાગઢ ખાતે શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ-જૂનાગઢ દ્વારા તારીખ ૧૧-૯-૨૦૨૨ને રવિવારનાં રોજ છઠ્ઠી વખત ત્રિવેણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવમાં ધોરણ ૫ થી ૧૨નાં સર્વ જ્ઞાતિ વિદ્યાથી સન્માન, શ્રેષ્ઠ વ્યકિતઓને માં ખોડીયાર રત્ન એવોર્ડ, જૂનાગઢ જીલ્લાની મહિલા સામાજિક સંસ્થા શ્રી પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ-જૂનાગઢને "શ્રેષ્ઠ મહિલા સંસ્થા સંસ્થા એવોર્ડ"થી નવાજવામાં આવ્યાં હતાં. આ મહોત્સવનું ઉદ્‌ઘાટન માં શારદા શરાફી સહકારી મંડળી લી. રાજકોટનાં ચેરમેન માલાબેન નિલેશભાઈ લુંભાણીનાં હસ્તે કરવામાંઆવ્યું હતું. આ મહોત્સવનાં અધ્યક્ષ સ્થાને જૂનાગઢ મહાનગરપાલિકાનાં વોટર વર્કસ ઈજનેર અલ્પેશભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યાં હતા. આ મહોત્સવનાં ઉપાધ્યક્ષ સ્થાને જૂનાગઢ કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિનાં પ્રમુખ બટુકભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યાં હતા. આ મહોત્સવનાં મુગટમણી સ્થાને જૂનાગઢનાં ટેક્ષ કન્સલ્ટન્ટ વિજયભાઈ મિશ્રાણી ઉપસ્થિત રહ્યાં હતા. આ મહોત્સવનાં વિદ્યાથીઓને માર્ગદર્શક તરીકે આશાદીપ ટ્યુશન કલાસીસ-જૂનાગઢનાં સંચાલક પિયુષભાઈ ભાલાણી ઉપસ્થિત રહ્યાં હતાં. આ મહોત્સવનાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે જૂનાગઢનાં અગ્રણી ડો. કે.પી.ગઢવી, સમર્પણ ગૃપ-જેતપુરનાં મંત્રી અરવિંદભાઈ આશરા, મધુર સોશ્યલ ગૃપ-જૂનાગઢનાં પ્રમુખ સલીમભાઈ ગુજરાતી, શ્રી ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ-જૂનાગઢનાં મેનેજીંગ ટ્રસ્ટી નાગભાઈ વાળા ખાસ ઉપસ્થિત રહ્યાંહતા. આ મહોત્સવનાં અતિથિવિશેષ તરીકે જૂનાગઢનાં ટેક્ષ કન્સલ્ટન્ટ ચંદુભાઈ લોઢીયા, જયોતિષ અને વાસ્તુ વિશારદ મિલનભાઈ રાજપરા, કિશોરભાઈ ચોટલીયા, રાજયભાઈ ઠાકર, ચંદુભાઈ પટેલ, મધુભાઈ બુધ્ધદેવ, વિજયભાઈ સોલંકી, ચેતનાબેન મિશ્રાણી, રેખાબેન સ્વાદીયા, કંચનબેન સાંગાણી, તન્વીબેન વૈષ્નવ, જયશ્રીબેન ગાલોરીયા, ઈન્દુબેન ખાણદર, પ્રવિણાબેન વાઘેલા, ભાવનાબેન વૈષ્નવ, નિર્મળાબેન ઘકાણ, કુંજનબેન સોલંકી, ધર્મિષ્ઠાબેન છાંયા, વર્ષાબેન મકવાણા, રમીલાબેન ઘુચલા, રમાબેન પોલરા, અવનીબેન ઠાકર, ભાગ્યશ્રીબેન પોલરા, રોશનીબેન ઘુચલા, રોજીનાબેન શેખ, કિરણબેન સોલંકી વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

આ મહોત્સવમાં સંસ્થાનાં તમામ મેમ્બરોને મોમેન્ટો આપી નવાજવામાં આવ્યાં હતાં. આ મહોત્સવમાં ધોરણ ૫ થી ૧૨માં ૧ થી ૫ નંબરનાં વિદ્યાર્થીઓને શિલ્ડ, મેડલ, પ્રમાણપત્ર, કીટ અને બાકીના તમામ વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપવામાં આવેલ હતાં. આ મહોત્સવમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાંહતા. આ મહોત્સવનું સંચાલન સમર્પણ ગૃપ-જેતપુરનાં પ્રમુખ હરીશભાઈ મણીયારએ કર્યું હતું. આ મહોત્સવને સફળ બનાવવાં સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલા, ઉપપ્રમુખ પ્રતિક મિશ્રાણી, મહામંત્રી નિકુંજ ભાલાણી ટ્રસ્ટી વજુભાઈ ઘકાણ, હર્ષ ઠાકર સભ્ય ભાર્ગવ માંડલીયા, મિતલબેન રાડા, બી.કે. વૈષ્નવ, કિરણબેન ઉનડકટ વગેરે જહેમત ઉઠાવી હતી.

કાર્યપાલક ઈજનેરશ્રી, જુનાગઢ સિંચાઈ વિભાગ, બીમાખાલા બિલ્ડીંગ, વંથલી રોડ, (ફોન:૦૨૮૫-૨૬૭૩૨૫૨) જુનાગઢની કચેરી દ્વારા ઓન લાઈન ટેન્ડર નોટીસ નં. બી-૧/૧૨ સને ૨૦૨૨-૨૩ થી અત્રેના વિભાગ હસ્તકના જુદા જુદા કામો માટે માન્ય ઇજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઇ-ટેન્ડર સીસ્ટમ દ્વારા ભાવો માંગવામાં આવે છે. જે www.nwr.nprocure.com ઉપર તા.૧૫/૦૯/૨૦૨૨ થી તા.૦૧/૧૦/૨૦૨૨ સુધીમાં ભરવાના રહેશે. તેમજ ફીઝીકલ ડોકયુમેન્ટસ ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા.૦૮/૧૦/૨૦૨૨ સુધીમાં મોકલવાના રહેશે. ઓનલાઈન આવેલ ટેન્ડરો તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડરો રૂબરૂ/ ટપાલથી કે કુરીયરથી સ્વીકારવામાં આવશે નહીં. વધુ વિગત માટે www.statetenders.gujarat.gov.in વેબ સાઈટ પર જોવા મળશે. આ કામોની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીનો સંપર્ક કરવાથી મળશે.
નોંધ- હવે પછી કોઇ સુધારા થશે તો ઓનલાઇન સુધારો કરવામાં આવશે.

માહિતી/જુના/૫૫૬/૨૦૨૨

ટુંકી મુદત ની જાહેર નિવિદા-૨૦૨૨

જિલ્લા પંચાયત ગીર સોમનાથની બાંધકામ શાખા હસ્તકનું ફર્નિચર જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં જાહેર હરાજી કરવાની હોવાથી આ માટે જિલ્લા પંચાયત કચેરી,ગીર સોમનાથ ખાતે નીચે વિગતે જાહેર હરાજી રાખવામાં આવેલ છે.ટેન્ડર ફોર્મ ફી.રૂા.૧૦૦/- છે. જે પી.એલ.એ.ઓફ. ડી.ડી.ઓ.-૮૪૪૮ હેઠળ ચલણથી જમાં કરાવી અસલ ચલણ રજુ કર્યા બાદ ટેન્ડર ફોર્મ બાંધકામ શાખા જિલ્લા પંચાયત કચેરી-ગીર સોમનાથ ખાતે મેળવી શકાશે.ભરેલા ટેન્ડર ફોર્મ સિલબંધ કવરમાં રજીસ્ટર એડીથી તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં રજુ કરનાર આસામીઓ જ હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજીની શરતો કામકાજના દિવસો દરમ્યાન જિલ્લા પંચાયત કચેરી બાંધકામ શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

ક્રમ	ફર્નીચરની વિગત	જાહેર હરાજી ની તારીખ અને સમય
૧	લોખંડના કબાટ.લાકડાના ટેબલ,લોખંડની ખુરશી,લાકડાની ખુરશી,લોખંડના ટેબલ	તા.૩૦/૦૯/૨૦૨૨ ૧૪: કલાકે

માહિતી/જુના/૫૬૦/૨૦૨૨



જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે ઉપરોકત ફોટાવાળા મારા પુત્ર ઘનશ્યામ મુકેશભાઈ પીઠડીયા હાલ રહે. મુ. સરધાર તા. જી. રાજકોટ વાળો અમારા કહ્યામાં નથી અને અમારા કહ્યા મુજબ રહેતો ન હોય જેથી તેમની સાથે અમારા નામે કોઈપણ વ્યકિત કે સગા સંબંધીએ કોઈપણ પ્રકારની લેતી-દેતી કરવી નહી તેમજ તમામ પ્રકારનાં હક્ક જતા કરીએ છીએ. તેમ છતાં જો કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરશે તો તેમાં અમારી કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી. આ અંગેનું સોગંદનામું રૂા. ૫૦નાં ઈ-સ્ટેમ્પ ઉપર કરી આપેલ છે અને કોઈપણ જાતનાં દબાણ વગર સોગંદનામું કરી આપેલ છે જે અમોને અમારા વંશ, વાલી અને વારસોને કબુલ, મંજુર અને બંધનકર્તા રહેશેજે બદલ જાહેર જનતાએ નોંધ લેવી.

લી.

મુકેશભાઈ ગોવિંદભાઈ પીઠડીયા

કંચનબેન મુકેશભાઈ પીઠડીયા

૩૦૧, શ્રી ગોપાલ, એસ.બી.આઈ બેંક સામે,

ઝાંઝરડા રોડ, જૂનાગઢ

શકિતનાં પર્વ એવા નવરાત્રી મહોત્સવને ભારે ઉત્સાહથી ઉજવવા લોકોમાં થનગનાટ

નવરાત્રીની તૈયારીનાં ભાગરૂપે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રનાં શહેરોની બજારોમાં ચણિયાચોળી સહિતની વસ્તુઓની ખરીદી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

હિન્દુ ધર્મનો સૌથી મોટામાં મોટો તહેવાર એટલે નવરાત્રીનો તહેવાર છે. શકિતની આરાધનાનાં આ પર્વને અનેરા ઉત્સાહથી દરે વર્ષે મનાવવામાં આવે છે. બે વર્ષ સુધી કોરોનાની વિકટ પરિસ્થિતિ બાદ આ વર્ષે તમામ નિયંત્રણો દુર થયા છે ત્યારે નવરાત્રી મહોત્સવની બમણા ઉત્સાહથી ઉજવણી કરવામાં આવશે. નવરાત્રીની તૈયારીનાં ભાગરૂપે બજારોમાં પણ ચણિયાચોળી તેમજ નવી ફેશનનાં વસ્ત્રોની ખરીદી, સજાવટ માટેની વેરાઈટીઓ તેમજ નવરાત્રીને લગતા અનેક ઉપકરણોની ખરીદી શરૂ થઈ છે અને બજારોમાં તેજીનો દોર શરૂ થયો છે. કોરોનાકાળમાં બે વર્ષ ઘરની ચાર દિવાલ વચ્ચે ગોંધાઈ રહેલું યૌવનધન આ વર્ષે નવરાત્રી ઉજવવા થનગની રહ્યુ છે. નવરાત્રીના પાવનપર્વના ૧૪ દિવસ પૂર્વે જૂનાગઢની બજારોમાં ચણિયા-ચોળી અને સાંજ શણગાર ખરીદવા ભીડ જામવા માંડી છે. ચણીયાચોળી સહિત નવરાત્રીનો સાજ-શણગાર વેંચનારાઓએ પથારા પાથર્યા છે. ખાસ કરીને નવરાત્રીના ભાતિગળ ચણિયાચોળી સહિતના પરિધાનો ખરીદવા માટે યૌવનાઓ બજારમાં ઉમટી રહી છે. જેના અંતર્ગત કારણોમાં કોરોનાકાળના બે વર્ષ દરમ્યાન નવરાત્રીના ઢોલ ન ઢબુકતા યૌવનધન નિરાશાની ઘોર અંધકારમય ગર્તામાં ગળાડૂબ થયું હતું. પરંતુ, હવે પરિસ્થિતી રાબેતા મુજબની થતા ઉત્સવોનો ઉમળકો એટલો બધો વધ્યો છે કે નવરાત્રીની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ગુજરાતનાં ખાસ કરીને જૂનાગઢ, સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, પાલિતાણા, જામનગર, અંબાજી, કચ્છ-ભુજ સહિત દેશભરના વિવિધ વિસ્તારોમાં રંગ-બેરંગી, જાત-જાતના અને ભાત-ભાતના ચણિયા-ચોળી વેંચાવા આવ્યા છે. આ વર્ષે કચ્છી પટોળા, લહેરીયા, બાટીક, લખનવી, ચિકનવર્ક સહિતની અનેકવિધ વેરાયટીઓ આવી છે. તદુપરાંત ક્રસવાળા દુપટ્ટા, ઝુલવાળી ચોલી, બાંધણી, લખનવી, ચણિયા રૂા.૭૦૦ થી ૩૫૦૦ સુધી મળે છે. જયારે ક્રસવાળા દુપટ્ટા રૂા.૩૦૦ના ભાવે વેચાય છે. જ્યારે ટાપેટા સિલ્ક વર્ક કે હેવી લૂકના ચણિયાચોળી રૂા.૫૦૦૦ સુધી પણ ઉપલબ્ધ હોવાનું જાણવા મળ્યું હતું. નવરાત્રીનાં આગમનને વધાવવા લોકોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આગામી તા.૨૬થી આદ્યશકિત માનાં નવલા નોરતા શરૂ થવાને છે ત્યારે એક તરફ વિવિધ જ્ઞાતિ સમાજો દ્વારા પાર્ટી પ્લોટ સહિતનાં ભવ્યો આયોજન નવરાત્રીનાં થઈ રહ્યા છે. તેમજ શેરી ગરબીઓના પણ આયોજન કરવામાં આવી રહેલ છે. જૂનાગઢ શહેરની વાત કરીએ તો ૧૦થી ૧૫ જગ્યાએ ભવ્ય આધુનિક દાંડીયારાસનાં કાર્યક્રમો તેમજ અન્ય ૨૫૦થી વધારે ગરબી મંડળો દ્વારા પ્રાચિન-અર્વાચિન રાસ-ગરબા અને નવરાત્રી મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે. બે-ત્રણ દિવસથી વરસાદ પણ અનરાધાર વરસી રહ્યો છે અને આ વરસાદની સીઝનનો અંતિમ પડાવ છે. હવામાન શાસ્ત્રીઓનાં જણાવ્યા અનુસાર, નવરાત્રીમાં આ વખતે વરસાદ વેરી નહી બને જેને લઈને આયોજકોમાં રાહતની લાગણી જોવા મળે છે.

જૂનાગઢ પોલીસ દ્વારા યુવક-યુવતીનાં પક્ષોને પોલીસની ભાષામાં સમજાવટ કરાવતા બંને પરિવારમાં થઈ સુલેહ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

હાલના સાંપ્રત સમયમાં કાચી ઉંમરમાં દીકરા દીકરીઓ દ્વારા લેવામાં આવેલ અપરિપક્વ નિર્ણયના કારણે માતાપિતાને ક્ષોભ જનક પરિસ્થિતિમાં મૂકી દેતા હોય છે. આવા કિસ્સાઓમાં સામાન્ય રીતે દીકરા દીકરીના કુટુંબીજનોના અહમ અને ખેંચાખેંચીના કારણે કોર્ટ મેટર થતા, આ વિવાદ બહુ લાંબો ચાલે છે અને સરવાળે દીકરા દીકરીનો યુવાનીનો સમય વેડફાય છે અને બંને કુટુંબ ડિસ્ટર્બ રહે છે. ઘણીવાર આવા કિસ્સામાં કેસો પંદર વીસ વર્ષ ચાલે છે અને બંને કુટુંબના મોભીના અહમના કારણે દીકરા દીકરીના બીજીવાર લગ્ન થઈ શકતા નથી અને જિંદગી બરબાદ થઈ જાય છે. આવા સમયે પોલીસ દેવદૂત બનીને આવે તો, બંને કુટુંબનો પ્રશ્ન સોલ્વ થાય છે અને દીકરા દીકરીના ભવિષ્યના જીવન સુધરી જાય છે. આવો જ એક કિસ્સો જૂનાગઢ શહેરમાં સામે આવ્યો છે. જૂનાગઢ શહેરના કડિયાવાડ વિસ્તારમાં રહેતા અને છૂટક કામ કરી, જીવન ગુજારતા ૬૦ વર્ષીય સિનિયર સીટીઝન પતિ-પત્નીએ પોતાની દીકરી સાથે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાને મળી, પોતાની દીકરીને વિસ્તારના જ એક અન્ય જ્ઞાતિના યુવક સાથે પ્રેમ સંબંધ થઈ જતા, દીકરીને ઘરનાની જાણ બહાર લગ્ન કરી લીધેલ હતા. જૂનાગઢ ખાતે લગ્ન કર્યા ત્યારે વિધિના તેમજ અંગત પળોના ફોટોગ્રાફ પણ પાડી લીધેલ હતા. છોકરાના વર્તન ઉપરથી છોકરીને ભૂલ કરેલાનું ભાન થતા, છોકરીએ તેના ઘરે જાણ કરી, છોકરી છોકરા સાથે જવા ના માંગતી હોય, છોકરો એક ના બે ના થતો હોય, પોલીસ દ્વારા મદદ કરવા બાબતે ગળગળા થઈને રજૂઆત કરવામાં આવેલ હતી. જૂનાગઢ રેંજના ઇન્ચાર્જ ડીઆઈજી નિલેશ ઝાંઝડિયા જૂનાગઢ જિલ્લા પોલીસવડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા સામાન્ય પ્રજાના લોક માનસ ઉપર પોલીસની એક સારી છાપ પડે અને "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્ર સાર્થક બને તેવા પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા જિલ્લાના તમામ પોલીસ અમલદારોને સૂચના કરવામાં આવેલ છે.

જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એમ. વાઢેર, હે.કો.માલદેભાઈ, રવિરજસિંહ, સુરેશભાઈ, મોહસીનભાઈ સહિતની ટીમ દ્વારા અરજદારની રજુઆત આધારે સામાવાળાના સાથે સંપર્ક કરી, બોલાવી, બંને પક્ષોને પોલીસની ભાષામાં સમજાવતા, બંને પક્ષોને રૂપિયા કરતાં પોતાના સંતાનોની જિંદગી કિંમતી હોવાનું, હાલના બંને દીકરા દીકરીનો જીવનનો અમૂલ્ય સમય વેડફાતા હોવાનું, છોકરાઓના અપરિપક્વ નિર્ણય અને કજોડાથી દીકરા દીકરીની અમૂલ્ય જિંદગી બરબાદ થતું હોવાનું સમજાવી, બંને પક્ષોને નિર્ણય લેવાની સમજણ આપતા, બંને કુટુંબને તથા દીકરા-દીકરીને પોલીસની વાત ગળે ઉતરી હતી. જૂનાગઢ પોલીસ દ્વારા મધ્યસ્થી થઈને સમજાવતા, અરજદાર સિનિયર સિટીઝનની દીકરી અને તેની સાથે લગ્ન કરેલ દીકરો, ખોટા નિર્ણય આધારે થોડા દિવસ પહેલા લગ્ન કર્યા હોય, રાજીખુશીથી છુટ્ટા પડવાનું નક્કી કરી, છૂટાછેડા આપવા બંને પક્ષો તૈયાર થઈ ગયેલ હતા. બંને પક્ષો રાજીખુશથી છૂટા પડ્યા અંગેનું અરજદાર તથા સાસરિયાં પક્ષે, નોટરી લખાણ પણ કરી દેવામાં આવેલ હતું. સામાવાળા પક્ષ પણ પોલીસની મધ્યસ્થી દ્વારા સાચી સમજણ આપતા, ખુશ થયો હતો. બંને પક્ષો દ્વારા દીકરાને ખૂબ સમજાવ્યા બાદ નિવેડો નહિ આવેલ પ્રશ્નને જૂનાગઢ પોલીસ દ્વારા મધ્યસ્થી થઈને નિકાલ કરાવતા બંને પક્ષો દ્વારા જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ પોલીસ દ્વારા પણ પોતાની ફરજ ગણાવી, અરજદાર અને સામાવાળાને હવેથી તકેદારી રાખી, દીકરા-દીકરી બંને સુખી થાય તેવા પ્રયત્નો કરવા વિનંતી કરવામાં આવેલ હતી. અરજદાર અને સામાવાળાને પોલીસનો આવો અનોખો અનુભવ અને પોતાના સંતાનોની જિંદગી બગડતી અટકાવવા મધ્યસ્થી કરી, સમજાવી, સંવેદના પૂર્ણ કાર્યવાહી કરતા, ખૂબ જ આનંદિત થઈ, અરજદાર સામાવાળા દ્વારા આનંદ વ્યક્ત કરી, જો પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ ના હોત તો, પોતાના સંતાનોની જિંદગીના ઘણા વર્ષ હાથમાંથી જતા રહેત, એવી લાગણી વ્યક્ત કરી, કામ કરનાર જૂનાગઢ પોલીસ સ્ટાફનો વારંવાર આભાર વ્યક્ત કરતા હોય, એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ભાવવાહી દ્રશ્યો સર્જાયા હતા. જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિક્ષક રવિતેજા વાસમ શેટ્ટીની સૂચનાથી જૂનાગઢ પોલીસ દ્વારા સિનિયર સિટીઝન અરજદાર તથા સામાવાળાને સામજિક પ્રશ્નમાં મદદ કરી, સુખદ અંત લાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે, એ સૂત્ર જૂનાગઢ જિલ્લા પોલીસએ ફરીવાર સાર્થક કર્યું હતું.

માળીયા તાલુકાનાં ખેરા ગામે વાડી વિસ્તારમાં ઈલેકટ્રીક શોર્ટ લાગતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

ચોરવાડ પોલીસે આપેલ વિગત અનુસાર, માળીયા તાલુકાનાં ખેરા ગામે શિવ મંદિરની બાજુમાં આવેલ સાડીકાપા વાડી વિસ્તારમાં બનેલા એક બનાવમાં નિલેશભાઈ કાનાભાઈ ચુડાસમા (ઉ.વ.૩૫) અને રાજેશભાઈ દેવશીભાઈ ચુડાસમા (ઉ.વ.૨૧) પોતાનાં ખેતરે પાણીનો કુંડો ભરવા ગયેલ અને ઈલેકટ્રીક મોટર ચાલું કરવા જતા અકસ્માતે ઈલેકટ્રીક શોર્ટ લાગતા તેઓનું મૃત્યું થયુંછે. આ બનાવને પગલે અરેરાટીની લાગણી વ્યાપી ગઈ છે.

કેશોદમાં મારામારી : ૪ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

કેશોદ પાતાળ કુવાની બાજુમાં બડોદર-ફાગળી રોડ ઉપર રહેતા લખુભાઈ મુળુભાઈ ગોઢાણીયા (ઉ.વ.૬૫)એ રૂડાભાઈ રબારી, બાલાભાઈ રબારી, જીણકાભાઈ કોળી અને એક અજાણ્યા માણસ વિરૂધ્ધ એવી ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદી પોતાનાં ઘરે સુતા હતા ત્યારે આરોપીઓ તેનાં ઘરની ડેલી ખખડાવતા ફરિયાદી બહાર આવેલ અને આરોપીઓએ કહેલ કે, તારો દીકરો વિરમ કયાં છે ? જેથી ફરિયાદીએ કહેલ કે, મારો દીકરો ઘરે આવેલ નથી. તેમ કહેતા આરોપીઓએ લોખંડનો પાઈપ વડે હુમલો કરેલ તેમજ ઢીકાપાટુનો માર મારેલ અને ફરિયાદી તથા તેનાં દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિસાવદર તાલુકાનાં કોટડા ગામે છરી વડે હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

વિસાવદર તાલુકાનાં મોટા કોટડા ગામે સીરવાણીયા ગામનાં રસ્તે હુમલાનો બનાવ બનેલ છે. જેમાં ભાવેશભાઈ કલાભાઈ સોલંકીએ ફીરોઝભાઈ હુસેનભાઈ પઠાણ, એભલ ઉર્ફે ઈભો પઠાણ, આદીલ મુન્નાભાઈ પઠાણ વિગેરે સામે એવી ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરિયાદીએ કબીર આશ્રમની વાડીનું ભાગ્યું રાખેલ હોય જે બાબતનું મનદુ:ખ રાખી આરોપીઓએ લાકડા હાથા તથા છરી સાથે જઈ હુમલો કરી ઈજા પહોંચાડેલ તેમજ જ્ઞાતી પ્રત્યે હડધુત કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા ભેંસાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢ : અપમૃત્યુંનાં બનાવો

જૂનાગઢ તા.૧૩ : જૂનાગઢ તાલુકાનાં તલીયાધર ગામે રહેતા હિનાબેન જગમાલભાઈ વાઘેલા (ઉ.વ.૨૦) નદીનાં પુલ ઉપર કપડા ધોવા જતા અને કપડુ પાણીમાં પડી જતા તે લેવા જતા પગ લપસી જવાનાં કારણે પાણીમાં પડી જતા ડુબી જવાનાં કારણે તેનું મૃત્યું થયું છે. જયારે અન્ય એક બનાવમાં મેંદરડા તાલુકાનાં નતાડીયા ગામનાં રણછોડભાઈ અરજણભાઈ ડારવડીયા (ઉ.વ.૫૫) પોતાની વાડીએ અડદનું વાવેતર કરેલ તેમાં આંટો મારતા હતા તે દરમ્યાન સર્પદંશ થતા તેમનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે.

જૂનાગઢમાં અગાઉનાં મનદુ:ખે હુમલો, બે સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાં દાતાર રોડ, દાતારબાપુની દરગાહની નજીક રહેતા સાબેદાબેન શેરમહમદભાઈ મકરાણીએ સાજીદખાન અનવરખાન પઠાણ તથા એઝાઝખાન સામે એવી ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપીઓને સાહેદ મોહસીન સાથે જુનું મનદુ:ખ હોય જે વાતનું મનદુ:ખ રાખી સાહેદ રૂકસાનબેન ઉર્ફે હંસાનાં ઘરે કુહાડી તથા છરી લઈને ગયેલ અને ફરિયાદીને બિભત્સ શબ્દો કહી, ડેલીમાં કુહાડીનાં ઘા મારી, નુકશાન કરી અને મોહસીનનાં નામની મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢ તાલુકાનાં પાદરીયા ગામેથી ડીગ્રી વગરનો ડોકટર ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ તાલુકા હેલ્થ ઓફીસર ગિરિશભાઈ કુવારજીભાઈ ચાવડા (ઉ.વ.૫૦)એ ગાંધીગ્રામ, ઈવનગર રોડ, આર્શીવાદ ટેનામેન્ટ, બ્લોક નં.૬માં રહેતા દેવેન્દ્રભાઈ પ્રેમશંકરભાઈ પંડયા (ઉ.વ.૫૦) સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપીએ ગેરકાયદેસર રીતે કોઈ ડીગ્રી ન હોવા છતાં પોતાની ઓળખ ડોકટર તરીકે આપી, બોગસ દવાખાનું ચલાવી અને તપાસ દરમ્યાન તેનાં દવાખાનામાંથી દવાઓ, ઈન્જેકશનનો જથ્થો રૂા.૬૩૪૬.૨૫નો ઝડપી લઈ તેમનાં વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ૐ ઉપચાર કેન્દ્ર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

હરસ, ભગંદર, ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક શોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા - પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૧ ૭૪૭૨૬, ૯૮૨૪૦ ૧૧૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

:: વેચવાનું છે ::
મોલને લગતી આઈટમ
ડીપ ફ્રીઝ, બોટલ ફ્રીઝ, C.C.T.V.
સેટ, એસી સેટ, બોર્ડ, ગ્લાસ સેકસન
:: સંપર્ક ::
મો. ૯૫૧૨૮ ૮૧૭૫૭
મો. ૯૮૯૮૪ ૨૩૯૩૨

સોફાસેટ મેન્યુફેકચર્સ તથા સોફાને લગતા મટીરીયલ માટે અમારી અવશ્ય મુલાકાત લો..

ઓટોમેટીક મશીનથી ઉત્પાદન કરતું જૂનાગઢ જીલ્લાનું એક વિશ્વસનીય વર્કશોપ
આપના જુના સોફાનું આકર્ષક વળતર આપશું | પરફેકટ ફીનીશીંગ, મજબુત ફીટીંગની ગેરંટી સાથે
હસમુખ સોફા વર્કસ
કૈલાસનગર (ક) ઉદયનગર ચોક, ટીંબાવાડી, જૂનાગઢ
ફોન : (૦૨૮૫) ૨૬૭૩૧૫૯, ૨૬૨૩૧૫૯
મો. ૯૪૨૭૫ ૭૧૧૫૯, ૮૪૯૦૯ ૯૧૧૭૪
જૂનાગઢમાં હોમ ડીલીવરી ફ્રી